P.07

વીસ વર્ષ બાદ વિદ્યા બાલનની પહેલી મુવી જોવા મળશે



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

પ્રિયંકાનો રોલ છોડીને વર્ષો પહેલા કરીનાએ મોટી ભૂલ કરી



તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૦૮ I વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ સુદ ૧૫ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)


Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 08 • Dt.08-08-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ચીને ટ્રમ્પને બદમાશ ગણાવ્યા, કહ્યું, થોડી ઢીલ આપશો તો માથે બેસી જશે

07



**08**
AUGUST- 2025
FRIDAY



07

ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફની ભારત ઉપર નહીં થાય વધુ અસર I અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે કહ્યું

**રૂપિયા ૧ કરોડથી વધુનો લોકોને લગાવ્યો ચૂનો**

## આર્થિક ગુના નિવારણ શાખાની તપાસમાં ચીકેશ શાહ પાલડીનો રહેવાસી છે અને એક મોટો ઠગ હોવાનું સામે આવ્યું

# એલઆઇસીમાં કાયમી નોકરી આપવાના નામે કૌભાંડ આચરનારાની ધરપકડ

## છેતરપિંડી કેસની વાત કરીએ તો એલઆઇસી કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ કાયમી થવા માટે કોર્ટમાં અરજી કરી હતી I જે બાદ કેસનું કોઇ નિરાકરણ નહીં આવતા કર્મચારીઓમાં અસંતોષ હતો

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ I

એલઆઈસીમાં કાયમી નોકરી આપવાના નામે કૌભાંડ આચરવામાં આવ્યું છે. ૪૦૦થી વધુ લોકોને નોકરી આપવાનો વિશ્વાસ આપીને રૂપિયા ૧ કરોડનો ચૂનો લગાવ્યો છે. આર્થિક ગુના નિવારણ શાખાએ છેતરપિંડી કેસમાં ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ અગાઉ પણ છેતરપિંડીના ગુના નોંધાયા છે, ત્યારે કોણ છે આ ઠગ જોઈએ આ અહેવાલમાં.આર્થિક ગુના નિવારણ શાખાની કસ્ટડીમાં રહેલા ઠગ ચીકેશ શાહની છેતરપિંડી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ ઠગે એલઆઈસીમાં કાયમી નોકરી આપવાના નામે છેતરપિંડી કરી છે. છેતરપિંડી કેસની વાત કરીએ તો એલઆઈસી કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ કાયમી થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. જે બાદ કેસનું કોઈ નિરાકરણ નહીં આવતા કર્મચારીઓમાં અસંતોષ હતો. આ દરમિયાન મંદિરમાં એક કર્મચારીને ઠગ ચીકેશ શાહ મળ્યો હતો અને તેણે મુખ્યમંત્રી તેમજ દિલ્હીમાં અધિકારી સાથે સંપર્ક હોવાનું કહી લોકોને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ આરોપી ઠગ ચીકેશ એલઆઈસીમાં કાયમી નોકરી આપવાનું કહીને રૂપિયા ૫ હજારથી ૧૦ હજાર વ્યક્તિ દીઠ પડાવ્યા હતા. આ પ્રકારે ગુજરાતના ૪૦૦થી વધુ કોન્ટ્રાકટ પર રહેલા કર્મચારીઓ પાસેથી રૂપિયા એક કરોડ જેટલી રોકડ મેળવીને છેતરપિંડી આચરી હતી. જેમાં આર્થિક ગુના નિવારણ શાખામાં અલગ અલગ બે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.



આર્થિક ગુના નિવારણ શાખાની તપાસમાં ચીકેશ શાહ પાલડીનો રહેવાસી છે અને એક મોટો ઠગ હોવાનું સામે આવ્યું છે. ૫૬ વર્ષીય ઠગ ચીકેશ શાહ પર કોઈ શંકા ન કરે માટે લોકોને મિટિંગના બહાને બોલાવી પોતાને સારી ઓળખાણ અને વગ ધરાવતો હોવાનું કહેતો. આ દરમિયાન આરોપીએ નોટરાઈઝ ડેકલેરેશન કરી આપ્યું હતું અને ચેક આપીને ૩૧ જાન્યુઆરી સુધીમાં રૂપિયા પરત કરી આપવાની પણ ખાતરી આપી હતી.

તંત્રએ જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

# ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું કરાયું રેસ્ક્યૂ

## ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો

I પ્રતિનિધિ, ઉત્તરકાશી, તા.૭ I

ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં ઉત્તરકાશી જિલ્લામાં ભારે વરસાદ અને પ્રાકૃતિક આફતના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે, ત્યારે 'ઑપરેશન જિંદગી' અંતર્ગત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઉત્તરકાશી દુર્ઘટનામાં ગુજરાતના પ્રવાસીઓ ફસાયા છે. જેમાં ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સમગ્ર મામલે તંત્રએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે.

મળતી માહિતી મુજબ, ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. તેવામાં વાદળ ફાટવાની ઘટના અને ભૂસ્ખલન થવાથી જનજીવન ખોરવાયુ છે. આ દરમિયાન ઉત્તરાખંડના પ્રવાસે ગયેલા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, આસામ, કર્ણાટક, તેલંગાણા, પંજાબ સહિતના પ્રવાસીઓ ફસાયા હોવાનું સામે આવ્યું છે. જેમાં ગોત્રી સહિતના વિસ્તારોમાંથી કુલ ૨૭૪ લોકોને હર્ષિલ લવાયા કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારનો સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રુમ દ્વારા ઉત્તરાખંડ સ્ટેટ ઈમરજન્સી સેન્ટરનો સંપર્ક કરીને ફસાયેલા નાગરિકોની માહિતી મેળવી હતી. જેમાં રેસ્ક્યૂ કરાયેલાં લોકોમાં સૌથી વધુ ૧૪૧ ગુજરાતના છે. જેમાં અમાવાદના સૌથી વધુ ૯૯, બનાસકાંઠાના ૧૦, ભાવનગરના ૧૫ અને વડોદરાના ૫ સહિત કુલ ૧૪૧ ગુજરાતી પ્રવાસી સુરક્ષિત હાલતમાં છે. સમગ્ર મામલે ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૪૧ પ્રવાસીઓને પરત લાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.


વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪



B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## ૯૦ ગામના લોકોને મફત સારવાર મળશે

# મહુવામાં BAPS દ્વારા હરતું ફરતું દવાખાનું શરૂ કરાયું

### ફરતું દવાખાનું, આરોગ્ય કેમ્પો અને મોબાઇલ ચેકઅપ વાન જેવી સેવાઓ ખૂબ ઉપયોગી સાબિત થાય છે

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૭ ।

ભાવનગરમાં BAPS સ્વામિનારાયણ મંદિર અને BAPS ચેરિટીઝ દ્વારા મેડિકલ મોબાઈલ વાન શરૂ કરવામાં આવી છે. આ સેવા મહુવા અને આસપાસના ૯૦ ગામોમાં મફત આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.આજના સમયમાં આરોગ્ય સેવાઓની વિસ્તૃત જરૂરિયાત ઊભી થઈ છે. દવાઓના ઊંચા ખર્ચ, હોસ્પિટલોની પહોંચ અને માહિતીની અછતને કારણે ઘણા લોકો યોગ્ય સારવાર વિના જ જીવ ગુમાવે છે. આવી સ્થિતિમાં ફરતું દવાખાનું, આરોગ્ય કેમ્પો અને મોબાઈલ ચેકઅપ વાન જેવી સેવાઓ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સરકાર આયુષ્માન ભારત અને 'મમતા યોજના' જેવી અનેક યોજનાઓ મારફતે લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહી છે.મહુવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા તથા બીએપીએસ ચેરિટીઝ સંચાલિત મેડિકલ મોબાઈલ વાન અપ ર્ણ કરવામાં આવી છે. જેમાં હવે મહુવા તથા તેની આસપાસના ૯૦ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય જન પરિવારને આ આરોગ્યની સુલભ સેવા નિઃશુલ્ક રીતે પ્રાપ્ત થનાર છે જેમાં નિષ્ણાંત ડોક્ટર તથા તેમના સહાયકો દ્વારા રોગોની તપાસ તથા દવા પણ નિઃશુલ્ક આપવામાં આવશે. મોબાઈલ મેડિકલ ક્લિનિક અનેક વ્યક્તિઓ અને પ રિવારોને ગુણવત્તાયુક્ત પ્રાથમિક સારવાર




પહોંચાડે છે.BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે, જેમાં BAPS ચેરિટીઝની વિશેષતા છે. આ સંસ્થા પાંચ ખંડોના નવ દેશોમાં કાર્યરત છે. BAPS ચેરિટીઝનો મુખ્ય ઉદ્દેશ્ય આરોગ્ય જાગૃતિ, શૈક્ષણિક સેવાઓ, માનવતાવાદી રાહત, પર્યાવરણીય સંરક્ષણ અને જાળવણી તેમજ સમુદાય સશક્તિકરણ દ્વારા નિઃસ્વાર્થ સેવા પ્રદાન કરવાનો છે. ભાવનગરમાં BAPS સ્વામિનારાયણ મંદિર અને BAPS ચેરિટીઝ દ્વારા મેડિકલ મોબાઈલ વાન શરૂ કરવામાં આવી છે. આ સેવા મહુવા અને આસપાસના ૯૦ ગામોમાં મફત આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.આજના સમયમાં આરોગ્ય સેવાઓની વિસ્તૃત જરૂરિયાત ઊભી થઈ છે. દવાઓના ઊંચા ખર્ચ, હોસ્પિ ટલોની પહોંચ અને માહિતીની અછતને કારણે ઘણા લોકો યોગ્ય સારવાર વિના જ જીવ ગુમાવે છે. આવી સ્થિતિમાં ફરતું દવાખાનું, આરોગ્ય કેમ્પો અને મોબાઈલ ચેકઅપ વાન જેવી સેવાઓ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

## જામનગરમાં બેડેશ્વર વિસ્તારમાં રહેતા યુવાન પર તલવાર વડે હુમલો

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરમાં બેડેશ્વર નજીક ગરીબ નગર વિસ્તારમાં રહેતા ફારૂક હનીફભાઈ ચાવડા નામના સાડત્રીસ વર્ષના વાઘેર યુવાને પોતાના માથામાં તલવાર વડે હુમલો કરી માથું ફોડી નાખવા અંગે તેજ વિસ્તારમાં રહેતા સુલતાન અનવરભાઈ સમેજા, કબીર જાફરભાઈ સમેજા, ફારુક દાઉદભાઈ સમેજા, અને સિકંદર અનવરભાઈ સમેજા સામે ફરિયાદ નોંધાવી છે.ઈજાગ્રસ્ત યુવાનને માથામાં તલવાર વાગી હોવાથી લોહી લુહાણ બન્યો હતો, અને જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. જ્યાં તેને માથામાં સાત ટાંકા લેવા પડ્યા છે. ચારેય આરોપીઓ ફરિયાદીના મિત્ર આરીશ સાથે ઝઘડો કરી રહ્યા હતા, જેની ના પાડવા જતાં ઉસ્કેરાઇ જઈ આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## અસારવા સિવિલમાં દર્દીને લાફો મારી દેનારા બાઉન્સરને સસ્પેન્ડ કરાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં મોટા શહેરોમાં સરકારી હોસ્પિટલોમાં બાઉન્સર્સ રાખવામાં આવે છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે અનેક વખત બાઉન્સર્સ સાથે વિવાદો થતા હોવાના બનાવો સામે આવે છે. દર્દીઓ સાથે દાદાગીરીથી વર્તન કરતા બાઉન્સર રાજથી અનેક સવાલો ઉભા થયા હતાં. ત્યારે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં એક બાઉન્સરે દર્દીને લાફો મારી દીધો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.અમદાવાદની અસારવા સિવિલમાં સુરક્ષા માટે રાખેલા બાઉન્સરો દર્દીઓ સાથે અણછાજતુ વર્તન કરતા હોય છે. ઘણી વખત દર્દીઓ સાથે મારપીટ સુધીના બનાવો સામે આવતા હોય છે. ત્યારે એક બાઉન્સર દ્વારા દર્દીને લાફો મારી દેવાનો બનાવ સામે આવ્યો હતો. હોસ્પિટલમાં દર્દીના સગાએ વીડિયો બનાવી બાઉન્સરે દર્દીને ફટકાર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. બાઉન્સરને દર્દી પર હાથ ઉપાડવાનો અધિકાર કોણે આપ્યો, હોસ્પિટલમાં દર્દી સાથે આવી હિંસા થવી યોગ્ય છે.

## સુરતમાં મીઠાઈની ૧૧ દુકાનો પરથી ફુડ વિભાગે સેમ્પલ લેબમાં મોકલ્યા

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

શ્રાવણ માસના તહેવારમાં મીઠાઈ માટે માવાના સેમ્પલ લેવાની કામગીરી બાદ આજે મ્યુનિ.ના ફૂડ વિભાગે મીઠાઈની દુકાનોમાંથી મીઠાઈના સેમ્પલ લઈને ચકાસણી માટે લેબમાં મોકલી આપ્યા હતા. શ્રાવણ માસની શરૂઆત સાથે તહેવારની સિઝન પણ શરૂ થઈ ગઈ છે અને હવે આગામી દિવસોમાં રક્ષાબંધનનો તહેવાર હોવાથી મીઠાઈનું વેચાણ થશે. લોકો સારી મીઠાઈ ખાય તે માટે આજે સવારથી જ પાલિકાએ શહેરની વિવિધ મીઠાઈની દુકાનો પરથી સેમ્પલ લેવાનું શરૂ કર્યું છે. બપોર સુધીમાં ૧૧ જેટલા સેમ્પલો ભેગા કર્યા છે અને આ કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહેશે. હવે રક્ષાબંધનનો તહેવાર નજીક હોય મીઠાઈની દુકાનોમાં મીઠાઈ બનાવવાની કામગીરી શરૂ થઈ છે. આજે પાલિકાના ફૂડ વિભાગે સુરતમાં અથવા રાંદેર અને સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલી મીઠાઈની દુકાનોમાંથી મીઠાઈના ૧૧ સેમ્પલ લઈને ચકાસણી માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. માવા અને મીઠાઈના સેમ્પલના પરિણામ આવ્યા બાદ જો કોઈ સેમ્પલ ફેઈલ જશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. શ્રાવણ માસના તહેવારમાં મીઠાઈ માટે માવાના સેમ્પલ લેવાની કામગીરી બાદ આજે મ્યુનિ.ના ફૂડ વિભાગે મીઠાઈની દુકાનોમાંથી મીઠાઈના સેમ્પલ લઈને ચકાસણી માટે લેબમાં મોકલી આપ્યા હતા. શ્રાવણ માસની શરૂઆત સાથે તહેવારની સિઝન પણ શરૂ થઈ ગઈ.

## વડોદરા એસબીઆઇ હોમલોન કાંડ

# બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને કરોડોનો કાંડ કર્યો

। પ્રતિનિધિ, વડોદરા , તા.૭ ।

વડોદરામાં કથિત રીતે બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને ભારતની સૌથી મોટી એવી એસબીઆઈ બેંક સાથે કરોડોનો કાંડ કરી નાખ્યો છે. આ કૌભાંડનો મામલો છે વડોદરા શહેરમાં ઈલોરાપાર્ક ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચનો. જ્યાંના ચીફ મેનેજર યજ્ઞેશ પટેલે આ મામલે કુલ ૧૬ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

આ આખો કાંડ સમજવા માટે ખાસ કરીને ઈલોરાપાર્ક બ્રાન્ચની જીર્ક બેંકમાં હોમ લોનની આખી પ્રોસેસ જાણવી જરૂરી છે. ચીફ મેનેજર યજ્ઞેશ પટેલના કહેવા અનુસાર, અહીં




હોમ લોન માટે એસબીઆઈ બેંક અને પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ નામની એક પેઢી વચ્ચે કરાર થયા છે. જે અનુસાર બેંકમાં કોઈપણ વ્યક્તિ હોમ લોન માટે અરજી કરે, ત્યારે પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પ ેઢી, તે લોન અરજદારના દસ્તાવેજોને આધારે ફિલ્ડ વિઝિટ કરી, એક રિપોર્ટ તૈયાર કરશે. જેમાં લોન અરજદારની પ્રોપર્ટી, તેની નોકરી, નોકરી પરનો હોદ્દો અને અન્ય જરૂરી દસ્તાવેજોને ધ્યાને લેવાય છે. પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પેઢી આ તમામ પાસાને ધ્યાને લઈને રિપોર્ટ તૈયાર કરી, બેંકમાં સબમિટ કરે છે અને બેંક આ રિપોર્ટને આધારે લોન મંજૂર કરવી કે કેમ તેનો નિર્ણય કરે છે.

લોન લેનારનું એક જ સપનું હોય છે કે, તેમના પોતાના નામનું એક ઘર હોય. પરંતુ લોન માટેની આ આખી પ્રોસેસમાં હોમ લોન લેનારને પેપર વર્કનું કોઈ જરૂરી જ્ઞાન હોતું નથી, એ માટે તેઓ અન્ય કોઈ એજન્ટનો સંપ ર્ક કરે છે અને આ બાબતે વધુ કાંઈ વિચાર્યા વિના વચેટીયા એજન્ટો કહે, તેમ લોન અરજદારો કરતા જાય છે. અમુક કિસ્સામાં આ બાબતનો ફાયદો ઉઠાવીને વચ્ચેટીયાઓ કાંડ કરતા હોય છે પરંતુ અહીં ઈલોરાપાર્ક બ્રાન્ચની એસબીઆઈ બેંકમાં માત્ર વચેટીયા એજન્ટો જ નહીં, પરંતુ લોનધારકો, પેઢીના કર્મચારીઓ બેંકના અધિકૃત એજન્ટોએ સાથે મળીને કરોડો રૂપિયાનો આ કાંડ કરી નાખ્યો છે.

## બનાસકાંઠામાં ઓનર કિલિંગ લિવ-ઈનમાં રહેતી પુત્રીની પિતા-કાકાએ હત્યા કરી

। પ્રતિનિધિ, બનાસકાંઠા, તા.૭ ।

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના દાંતિયા ગામે ઓનર કિલિંગની ઘટના સામે આવી છે. જેમાં લિવ-ઈનમાં રહેતી પુત્રીના પ્રેમ સંબંધથી નારાજ પિતા અને કાકાએ મળીને સાંજના ભોજનામાં ઊંઘની ગોળીઓ ભેળવીને તેની હત્યા કરી હતી. ત્યારબાદ મૃતદેહને ઓરડીમાં લટકાવીને આ હત્યાને આપઘાતમાં ખપાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત પુરાવા નાશ કરવા માટે રાતોરાત અગ્નિસંસ્કાર પણ કરી નાખ્યા હતા. આ મામલે યુવતીના પ્રેમીની કરિયાદના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, દાંતિયા ગામના સેંધા ચૌધરીની પુત્રી ચંદ્રિકા પાલનપુરમાં હોસ્ટેલમાં રહીને નીટની પરીક્ષાની તૈયારી કરતી હતી. આ દરમિયાન ચંદ્રિકા થરાદ તાલુકના વડગામડા ગામના હરેશ ચૌધરી નામના યુવકની સાથે સંપર્કમાં આવતા મિત્રતા બાદ પ્રેમ સંબંધ બંધાયો હતો. જો કે, ચંદ્રિકાને તેના પરિવારે ભણવાની જ ના પાડી દીધી હતી. જેથી ચંદ્રિકાએ આ વાત સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમી હરેશને જણાવી હતી કે, 'મારા પરિવારના લોકો મને ભણવાની ના પાડે છે.

## સરકારી તંત્રએ જીવતા માણસને મૃત જાહેર કરી દીધો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

ગુજરાતમાં સરકારી તંત્રના સારા અને નરસા અનેક અનુભવો લોકોને થતા હોય છે. ત્યારે એક વેપારીને સરકારી સિસ્ટમનો કડવો અનુભવ થયો છે. કાપડના વેપારીને તંત્રએ મૃત જાહેર કરી દેતા અનેક સવાલો ઉભા થયાં છે. સરકારી ચોપડે કાપડના વેપારી હનિફ કચ્છીને મૃત જાહેર કરવામાં આવ્યા છે. રેશનકાર્ડ ખોવાઈ જતાં વેપારી કચેરીએ ગયા હતાં જ્યાં તેઓ પોતે મૃત હોવાની જાણકારી મળી હતી.પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં હનીફ કચ્છી નામના કાપડના વેપારીનું રેશનકાર્ડ ખોવાઈ ગયું હતું. જેથી તેઓ રેશનકાર્ડ કઢાવવા માટે સરકારી કચેરીમાં ગયા હતાં. જ્યાં સરકારી ચોપડે તેઓ મૃત હોવાનું જાણવા મળતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોતે જીવીત હોવા છતાં સરકારી તંત્રએ તેમને મૃત જાહેર કર્યા હતાં. તેમનો દીકરો જરૂરી કાગળો લઈને ગયો તો અધિકારીએ એવું કહ્યું હતું કે, તમારા પિતાનું નિધન થઈ ગયું છે.કાપડના વેપારી હનીફ કચ્છીએ કહ્યું હતું કે, હું જીવતો છું એવું મારે પુરવાર કરવું પડશે. કર્મચારીએ કહ્યું હતું કે, આ માટેની પ્રોસેસમાં ૨૦ દિવસનો સમય લાગશે. સરકારી તંત્રના છબરડાને કારણે અનેક લોકોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. જીવતા માણસને તંત્રના કર્મચારીઓની બેદરકારી મૃત જાહેર કરી નાંખે છે.



## અમદાવાદ મહાનગરપાલિકાને ૧૯૯મું અર્બન ફોરેસ્ટ/ઓક્સિજન પાર્ક મળશે

# અમદાવાદના દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૮ ઓગસ્ટના રોજ અર્બન ફોરેસ્ટ/ ઓક્સિજન પાર્કનું લોકાર્પણ

### વૃક્ષારોપણ ૪૦ લાખનાં લક્ષ્યાંકની સામે ૬૬ ટકા સિદ્ધિ અમદાવાદ મહાનગરપાલિકાએ હાંસલ કરી



। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૭ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તારીખ ૮ ઓગસ્ટના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં પીપીપી ધોરણે ડેવલોપ કરવામાં આવેલા અર્બન ફોરેસ્ટ/ ઓક્સિજન પાર્કનું લોકાપ ણ કરવામાં આવશે. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું અનાવરણ પણ કરશે.

લાંભા વોર્ડમાં ત્યાર થયેલા અર્બન ફોરેસ્ટની વાત કરીએ તો ૪૪૬૪ ચોરસ મીટરમાં રૂ. ૫૫ લાખના ખર્ચે આ ગાર્ડન ડેવલપ કરી તૈયાર કરવામાં આવ્યો છે. મિયાવાકી પદ્ધતિથી સાગ, ખેર, વાંસ, સીરસ, સીસુ, અર્જુન વિગેરે ઈન્ડીજીનસ પ્રકારનાં કુલ ૮,૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં ૨૫૦ રનીંગ મીટર લંબાઈનો વોક-વે ત્યાર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અમદાવાદ મહાનગરપાલિકાએ અમદાવાદ શહેરને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાની નેમ પાર પાડી છે. ક્લીન સિટી અમદાવાદને ગ્રીન સિટી બનાવવાની નેમ પાર પાડવા મહાનગરપાલિકાએ મુખ્યમંત્રીના દિશાસૂચનમાં ચાલીસ લાખ વૃક્ષો વાવવાનું મિશન ફોર મિલિયન ટ્રિઝ-૨૦૨૫ ચલાવ્યું છે. મિશન ફોર મિલીયન ટ્રીઝ ૨૦૨૫ અંતર્ગત સમગ્ર શહેરમાં કુલ ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. જે પૈકી ૬ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં કુલ ૨૬,૫૦,૦૦૬ વૃક્ષો રોપવામાં આવ્યા છે. આમ, ૪૦ લાખનાં લક્ષ્યાંકની સામે ૬૬ ટકા વૃક્ષારોપણની સિદ્ધિ અમદાવાદ મહાનગરપાલિકાએ હાંસલ કરી છે. આગામી સમયમાં ઝડપથી બાકીના વૃક્ષો રોપવાની કામગીરી પૂર્ણ કરાશે.

આ મિશન અંતર્ગત તળાવ કિનારા, કેનાલ પાટા, રેલ્વે કોરિડોર, મ્યુનિસિપલ બાગ, શૈક્ષણિક કેમ્પસ, શાસકીય સંકુલ, રોડ સાઈડ અને સેન્ટ્રલ વર્જ જેવા વિવિધ સ્થળોએ વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો એક મહત્તવપૂર્ણ માઈલસ્ટોન દક્ષિણ અમદાવાદમાં પ્રાપ્ત થયો છે, જ્યાં ઘન કચરો નાખવાના પ્લોટ અને મૃત પ્રાણીઓના કાટમાળના ડંપિંગ સાઈટ જેવી પર્યાવરણને પ ડકારરૂપ અને અવ્યવસ્થિત જમીનોને સફળતાપ ૂર્વક પુનઃપ્રાપ્ત કરીને હરીયાળા વિસ્તારોમાં પ રિવર્તિત કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં વૃક્ષારોપણ મિયાવાકી પદ્ધતિથી કરવામાં આવ્યું છે, જે સ્થાનિક પ્રજાતિઓ વડે ઘન અને ઝડપી વૃદ્ધિ ધરાવતા વનો સર્જે છે, જે ટૂંકા સમયમાં રહેઠાણ અને જૈવ વિવિધતાનો વિકાસ કરે છે. તમામ પ્લાન્ટેશન જીયોટેગિંગ દ્વારા મોનિટર થાય છે અને સ્થાનિક પ્રજાતિઓના વાવેતર પર વિશેષ ભાર આપવામાં આવે છે.આ વિશાળ અભિયાન માટે પૂરતી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દરેક ઝોનમાં બોરવેલ સુવિધા, ટ્રેક્ટર અને ત્નઝ્રમ્ જેવી મશીનરી ઉપલબ્ધ છે.

## મુસાફરોના ઘસારાને પહોંચી વળવા વધારાની ૫૦ બસો મૂકવામાં આવી

# રક્ષાબંધન પર્વે બહારગામ જવા વડોદરા એસટી ડેપો પર મુસાફરનો ભારે ઘસારો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૭ ।

રક્ષાબંધન તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા એસટી વિભાગ દ્વારા પંચમહાલ ,સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત તરફના અલગ-અલગ રૂટો પર વધારાની ૫૦ બસો દોડાવવામાં આવી રહી છે.રક્ષાબંધન તહેવારને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા એસટી ડેપ ો ખાતેથી મુસાફરોના ઘસારાને પહોંચી વળવા વધારાની ૫૦ બસો મૂકવામાં આવી છે. આ વધારાની બસો મુખ્યત્વે પંચમહાલના દાહોદ, ઝાલોદ ,ગોધરા તથા સૌરાષ્ટ્રમાં રાજકોટ ,ભાવનગર અને ઉત્તર ગુજરાતમાં અમદાવાદ સહિતના વિભાગોમાં દોડશે. તા. ૭ થી ૧૦ ઓગસ્ટ સુધી દોડનારી આ ૫૦ બસો માટે ૫૦ ડ્રાઈવર અને ૫૦ કંડકટર મુકાયા છે. અને સુપરવિઝન માટે આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર, ડેપ ો મેનેજર સહિત ૧૦ અધિકારીઓનું સુપ રવિઝન રહેશે. આ ઉપરાંત કોઈ રૂટ ઉપર મુસાફરોનો ઘસારો વધુ જણાય તો ટ્રીપો વધારવામાં પણ આવશે. મહત્વનું છે કે, વીતેલા વર્ષે પણ વધુ ટ્રિપો દોડાવવામાં આવી હતી. જેનો મોટી સંખ્યામાં મુસાફરોએ લાભ લીધો હતો. આ વખતે ૫૦ હજારથી વધુ મુસાફરો લાભ લે તેવું આયોજન છે. હાલ મુસાફરોની વધતી સંખ્યા ના કારણે એડવાન્સ બુકિંગ પણ મોટા પાયે થઈ રહ્યું છે.

## કેનેડાના પીઆરના નામે ૨૫ લાખ રૂપિયા પડાવ્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૭ ।

વિદેશ જઈને સ્થાયી થવાનું સપનું જોતા યુવાનોને ઠગવાનું કૌભાંડ રોજરોજ વધી રહ્યું છે. ગાંધીનગરમાં આવી જ એક કિસ્સો સામે આવ્યો છે જ્યાં કેનેડાના કાયમી નિવાસી સ્ટેટસ અપાવવાના નામે મહેસાણાના એક દંપતી પાસે રૂપિયા ૨૫.૮૦ લાખની માતબર રકમની છેતરપિંડી થઈ છે. આ મામલે મહેસાણા દંપતીએ ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં બે એજન્ટો સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણાના દંપતીને ગાંધીનગરના બે એજન્ટો જેઓ સાળા-બનેવી હોવાનું કહેવાય છે, તેમણે કેનેડામાં પીઆર અપાવવાનું વચન આપ્યું હતું. આ એજન્ટોએ દંપતી પાસેથી વિઝા પ્રક્રિયા અને અન્ય ખર્ચાઓના નામે તબક્કાવાર રીતે કુલ ૨૫.૮૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા. લાંબા સમય સુધી વિઝા ન આવતા અને એજન્ટો દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતાં દંપતીને શંકા ગઈ હતી. આખરે, તેમને સમજાયું કે તેમની સાથે છેતરપિંડી થઈ છે.આ ઘટના બાદ દંપતીએ તાત્કાલિક ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં આ બે એજન્ટો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

## ખેડામાં ક્રિકેટ રમવા ગયેલા બે સગા ભાઈઓ તળાવમાં ડૂબતા મોત

। પ્રતિનિધિ, ખેડા, તા.૭ ।

ખેડાના ઉત્તરસંડા ગામમાં ૬ અને ૯ વર્ષના બે બાળકનું તળાવમાં ડૂબી જતા મોત નિપજ્યું છે. મૂળ મધ્ય પ્રદેશના સગા ભાઈઓના મોતથી પ રિવારમાં શોકનો માહોલ છવાયો છે. મળતી માહિતી મુજબ, તળાવ કાંઠે ક્રિકેટ રમતા દરમિયાન અકસ્માતે બંને તળાવમાં ખાબક્યા હતા. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વહેરા ખેડાના ઉત્તરસંડા તળાવમાં બે સગા ભાઈનું તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યું છે. મૃતક ૯ વર્ષીય મયંક અને ૬ વર્ષીય હરેન મૂળ મધ્ય પ્રદેશના રહેવાસી છે. બાળકોના પિતા નિલુસિંહ અહીં શ્રમિક કામ કરે છે. વહેલી સવારે જ્યારે નિલુસિંહ બાળકોને કોચિંગમાં મૂકવાના હોવાથી સવારે ૧૦ વાગ્યે ઘરે લેવા ગયા ત્યારે તેઓ ઘરે હાજર નહતા. જોકે, થોડા સમય બાદ પણ બંને ઘરે ન આવતા આસપાસમાં તપાસ કરવામાં આવી. ગામમાં શોધખોળ દરમિયાન તળાવ વિસ્તાર પાસેથી બંનેના ચંપલ અને બેગ મળી આવતા બાળકો તળાવમાં ડૂબ્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

બેગ અને ચંપલની મળી આવતા તાત્કાલિક ધોરણે પોલીસ અને ફાયરની ટીમનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમ દ્વારા ભારે શોધખોળ બાદ બંને બાળકોને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

જોકે, શરીરમાં પાણી ભરાઈ જવાના કારણે બંનેનું તળાવમાં જ મોત નિપજ્યું હતું.

હાલ આ મામલે પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટ મોર્ટમ ખાતે હોસ્પિટલ ખસેડ્યા છે.

અકસ્માતે મૃત્યુનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. એક જ પરિવારના બે સગા ભાઈઓના મૃત્યુથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે.







## તંત્રી લેખ..

# રોકાણને લઇ દુવિધા

કોરોના કાળની અવધિ અને હાલની ખુબ જ જટિલ આર્થિક સ્થિતીના કારણે સામાન્ય પ્રશ્નો તમામ રોકાણકરોને સતાવે છે. હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઇ શકે. રિયલ એસ્ટેટમાં કોઇ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઇ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઇ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમાં પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઇ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઇ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઇપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે.

# બદલાતી લાઇફસ્ટાઇલના કારણે સમસ્યા વધારે ગંભીર બની છે

ઇનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઇ રહેલી લાઇફ સ્ટાઇલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઇ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઇફ સ્ટાઇલ, થાઇરોઇડ જેવી સમસ્યા પણ છે.

આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઇનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઇ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઇસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઇસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઇલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઇસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઇવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઇજમાં નાંખવામાં આવે છે. ડિવાઇસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે. પાંચ મિનિટની અંદર તે કોઇ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઇ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઇ હતી.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### લોહીના પ્રકાર અને બ્લડ ગ્રૂપ શું છે ?

**ભારતમાં દર દસ લાખ લોકોએ એક વ્યક્તિ બોમ્બે બ્લડ-ગ્રૂપ ધરાવે છે ને ઈસ્ટ એશિયાના અમુક દેશોમાં દર દસ લાખે ચાર વ્યક્તિ આ બ્લડ-ગ્રૂપ ધરાવે છે બ્લડ-ગ્રૂપ ધરાવનારા લોકો નોર્મલ સ્વાસ્થ્ય ધરાવતા હોય છે**

# AB ગ્રૂપનું લોહી યુનિવર્સલ રિસીવર (સર્વ ગ્રાહી) બ્લડ ગ્રૂપ કહેવાય છે

**રક્તદાન કરનારનું લોહી ક્યાં ગ્રુપનું છે તે જાણ્યા વગર કોઇને આપી શકાતું નથી જે તે ગ્રુપનું લોહી મેચ થાય તોજ એને લોહી આપી શકાય છે ઘણા ને પોતાનું બ્લડ ગ્રુપ ખબર હોતી નથી**

જન્મથી મૃત્યુ સુધી આપણા શરીર માં સતત પરિભ્રમણ કરતું લોહી આપણા જીવવનું અભિન્ન જીવન રક્ષક રસાયણ છે. લાલ રંગનું આ પ્રવાહીલોહી આપણા શરીરમાં કુદરતી રીતે બનતું હોય છે. એ કોઈ પણ કૃત્રિમ રીતે બનાવી શકાતું નથી. ખાસ કરીને અકસ્માત, ડિલિવરી, ઓપરેશન કે થેલેસેમિયાના દર્દીઓને રક્તને બહારથી શરીર માં ચઢાવવાની જરુરુ પડે છે. આવા દર્દીઓને સમયસર લોહી ન મળે તો દર્દીનું મોત થઈ જાય છે. ત્યારે દર્દીને તાત્કાલિક લોહી આપવાનું હોય ત્યારે તમે કે ગમે તે વ્યક્તિ ગમે તેને લોહી આપી શકતું નથી. એ માટે જુદા જુદા પ્રકાર ના લોહીના ગ્રુપ હોય છે. રક્તદાન કરનાર નું લોહી ક્યાં ગ્રુપનું છે તે જાણ્યા વગર કોઈને આપી શકાતું નથી. જે તે ગ્રુપનું લોહી મેચ થાય તોજ એને લોહી આપી શકાય છે ઘણા ને પોતાનું બ્લડ ગ્રુપ ખબર હોતી નથી. અને પોતાનું લોહી કોને આપી શકાય તેની જાણકારી બહુ ઓછાને હોય છે. એટલે લોહીના પ્રકાર અને ગ્રૂપ વિશેની માહિતી આપવાનો આ લેખમાં પ્રયાસ કર્યો છે.

**લોહીના પ્રકાર**

લોહી મુખ્યત્વે ચાર પ્રકારનું હોય છે. લોહીના લાલ રક્તકણોમાં શુગરબેઝ્ડ એન્ટિજન છ અને Bની હાજરી અથવા ગેરહાજરીને આધારે લોહીના A, B, AB અને O જેવા ચાર પ્રકારો પડે છે.

દરેક વ્યક્તિમાં જુદી-જુદી એન્ટિજન અને એન્ટિબોડીઝની ગોઠવણને આધારે લોહીનું ગ્રૂપ નક્કી થતું હોય છે. આને ABO સિસ્ટમ કહે છે.

**ABO સિસ્ટમ પ્રમાણે ચાર બ્લડ ગ્રૂપ પડે છે જેમકે છ ગ્રુપ :**

જે વ્યક્તિના લોહીમાં રક્તકણોની સપાટી પર છ એન્ટિજન આવેલા હોય અને B પ્રકારના એન્ટિબોડીઝ બ્લડ-પ્લાઝમામાં હોય એ વ્યક્તિનું બ્લડ-ગ્રૂપ છ છે એમ કહેવાય.

B: જે વ્યક્તિના લોહીમાં રક્તકણોની સપાટી પર B એન્ટિજન આવેલા હોય અને B પ્રકારના એન્ટિબોડીઝ બ્લડ-પ્લાઝમામાં હોય એ વ્યક્તિનું બ્લડ ગ્રૂપ B છે એમ કહેવાય.

AB: જે વ્યક્તિના લોહીમાં રક્તકણોની સપાટી પર A અને B બન્ને એન્ટિજન આવેલા હોય અને બન્ને પ્રકારના એન્ટિબૉડીઝ બ્લડ-પ્લાઝમામાં હોય એ વ્યક્તિનું બ્લડ ગ્રૂપ AB છે એમ કહેવાય.

O: જે વ્યક્તિના લોહીમાં રક્તકણોની સપાટી પર છ અથવા B કોઈ પણ પ્રકારના એન્ટિજન આવેલા ન હોય અને બન્ને પ્રકારના એન્ટિબોડીઝ બ્લડ-પ્લાઝમામાં હોય તો એ વ્યક્તિનું બ્લડ ગ્રૂપ O છે એમ કહેવાય.

**પોઝિટિવ અને નેગેટિવ**

ઈર (ઈરીજેજ) ફેક્ટર તરીકે ઓળખાતા એન્ટિજન અને એન્ટિબોડીઝની હાજરી કે ગેરહાજરી પરથી આ બે ગ્રૂપ જુદાં પડે છે.

પોઝિટિવ: જે વ્યક્તિમાં ઉપરોક્ત એન્ટિજન ઉપરાંત લાલ રક્તકણોની સપાટી પર ઈર એન્ટિજન પણ હાજર હોય એ બ્લડ ઈર પોઝિટિવ ગણાય છે.




નેગેટિવ: જે વ્યક્તિમાં લાલ રક્તકણોની સપાટી પર ઈર એન્ટિજન હાજર ન હોય એને ઈર નેગેટિવ બ્લડ કહેવાય છે. આ બ્લડના પ્લાઝમામાં ઈર એન્ટિબોડીઝ નેચરલી નથી હોતા, પરંતુ જો આ બ્લડની સાથે ઈર પોઝિટિવ બ્લડ ભેળવવામાં આવે તો એ ઈર એન્ટિબોડીઝ પેદા કરી શકે છે.

હવે A ગ્રૂપ ધરાવનારી વ્યક્તિ છ ગ્રૂપ તેમ જ AB ગ્રૂપ ધરાવતી વ્યક્તિને બ્લડ આપી શકે. આ વ્યક્તિને છ તેમ જ O ગ્રૂપનું બ્લડ આપી શકાય.

B ગ્રૂપ ધરાવનારી વ્યક્તિ B અને AB ગ્રૂપ ધરાવતી વ્યક્તિને લોહી આપી શકે. આ વ્યક્તિને B તેમ જ O ગ્રૂપનું બ્લડ આપી શકાય.

AB ગ્રૂપ ધરાવનારી વ્યક્તિનું લોહી AB ગ્રૂપ ધરાવતી વ્યક્તિને આપી શકાય. આ વ્યક્તિને છ, B, AB, અને O એમ દરેક પ્રકારનું બ્લડ આપી શકાય છે. આ ગ્રૂપની વ્યક્તિ દરેક પ્રકારના ગ્રૂપનું લોહી લઈ શકે એમ હોવાથી એને યુનિવર્સલ રિસીવર બ્લડ ગ્રૂપ કહેવાય છે.

**બોમ્બે બ્લડ ગ્રૂપ**

કેટલાક લોકોનું બ્લડ-ગ્રૂપ ચકાસો તો એ O પોઝિટિવ કે O નેગેટિવ બતાવે છે, પણ એ ખરેખર આ બેમાંથી કોઈ ગ્રૂપનું નથી હોતું. આ પ્રકારનું લોહી ૧૯૫૨માં મુંબઈમાં પહેલી વાર જોવા મળ્યું હતું એટલે એ ગ્રૂપનું નામ બોમ્બે બ્લડ ગ્રૂપ પાડવામાં આવ્યું છે. આ સૌથી રેર ગણાતું બ્લડ ગ્રૂપ છે. ભારતમાં દર દસ લાખ લોકોએ એક વ્યક્તિ બોમ્બે બ્લડ-ગ્રૂપ ધરાવે છે ને ઈસ્ટ એશિયાના અમુક દેશોમાં દર દસ લાખે ચાર વ્યક્તિ આ બ્લડ-ગ્રૂપ ધરાવે છે. આ બ્લડ-ગ્રૂપ ધરાવનારા લોકો નોર્મલ સ્વાસ્થ્ય ધરાવતા હોય છે, પરંતુ તેમને એક્સિડન્ટ, ડિલિવરી કે મેજર સર્જરી દરમિયાન લોહી ચડાવવાની જરૂર ઊભી થાય તો કટોકટી પેદા થઈ શકે છે, કેમ કે તેમને માત્ર અને માત્ર બોમ્બે બ્લડ-ગ્રૂપ ધરાવનારાઓનું જ લોહી ચડી શકે છે



### મોટી સંખ્યામાં યાત્રી દિવસભર મુસાફરી કરશે તો જ લાભનો સોદો

**મુંબઇ-અમદાવાદ વચ્ચે વિમાનીભાડુ બે હજાર રૂપિયા છે ત્યારે કેટલા લોકો એવા હશે જે ત્રણ હજાર રૂપિયા ખર્ચ કરીને બુલેટ ટ્રેનથી યાત્રા કરવાનુ પસંદ કરશે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે**

# બુલેટ ટ્રેનને લઇને લાભ નુકસાન

**અમદાવાદ-મુંબઇ વચ્ચે વિમાની ભાડુ બે હજાર છે ત્યારે ત્રણ હજાર ખર્ચ કરીને બુલેટ ટ્રેનમાં કેટલા લોકો મુસાફરી કરવાનુ પસંદ કરશે ?**

આંતરરાષ્ટ્રીય આર્થિક સલાહકારો દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં બુલેટ ટ્રેન પર ખર્ચ ૨૫૦ કરોડ રૂપયા પ્રતિ કિલોમીટરની આસપાસ થવાની શક્યતા દેખાઇ રહી છે. આશરે ૪૧૫ કિલોમીટર લાંબા મુંબઇ અને અમદાવાદ રૂટ પર ખર્ચનો આંકડો આશરે એક લાખ કરોડ રૂપિયાની આસપાસ રહેવાની શક્યતા છે. આ માર્ગ પર યાત્રી ભાડુ આશરે ૩૦૦૦ રૂપિયા રહેવાની શક્યતા છે.



હાલમાં ભાડા અને ખર્ચને લઇને ગણતરી ચાલી રહી છે. આર્થિક રીતે બુલેટ ટ્રેન એક વખતે જ લાભનો સોદો થશે ત્યારે મોટી સંખ્યામાં લોકો સમગ્ર દિવસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરશે. જ્યારે મુંબઇ-અમદાવાદ વચ્ચે વિમાનીભાડુ બે હજાર રૂપિયા છે ત્યારે કેટલા લોકો એવા હશે જે ત્રણ હજાર રૂપિયા ખર્ચ કરીને બુલેટ ટ્રેનથી યાત્રા કરવાનુ પસંદ કરશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે. આ કામ ઝડપથી આગળ પણ વધી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આને ડ્રીમ પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. આ રૂટ પર યાત્રી ભાડુ ૩૦૦૦ રાખવાની હિલચાલ ચાલી રહી છે. આર્થિક રીતે તેનાથી ફાયદો થશે કે કેમ તેની ચર્ચા હાલમાં લાંબા સમય સુધી રહી શકે છે. વિમાની યાત્રા માટેનુ ભાડુ પણ આ ટ્રેનના ભાડા કરતા ઓછુ છે ત્યારે આ ટ્રેનમાં મુસાફરી કોણ કરશે તે મોટો પ્રશ્ન છે. સામાન્ય રીતે વિકસિત દેશોમાં અને કેટલાક વિકાસશીલ દેશોમાં બુલેટ ટ્રેન એ વખતે સફળ રહી છે જ્યારે તેમાં દિવસ દરમિયાન વધારે સંખ્યામાં યાત્રી યાત્રા કરે છે. સાથે સાથે યાત્રી ભાર એટલો હોય કે દર ૧૦ મિનિટમાં એક ટ્રેન દોડાવવામાં આવે તો આ પ્રોજેક્ટને સફળ ગણી શકાય છે. સાથે સાથે ભાડુ પણ ઓછુ હોય તો તેને વધારે સફળતા મળી શકે છે. જાપાનની બુલેટ ટ્રેન સેવા ટોકિયો અને ઓસાકા વચ્ચે ચાલે છે. ભારે વસ્તી ધરાવતા આ ક્ષેત્રમાં બનાવવામાં આવેલી આ સુવિધા ઉપયોગી સાબિત થઇ રહી છે. અહીં સાડા ચાર કરોડથી વધારેની વસ્તી છે. ટોકિયો અને ઓસાકા વચ્ચે અંતર ૫૧૫ કિલોમીટર છે. જેને બુલેટ ટ્રેન ત્રણ કલાકના સમયમાં કાપે છે. સાથે સાથે વચ્ચે માત્ર બે સ્ટેશન પર રોકાય છે. ટ્રેનની ગતિ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. દરેક ટ્રેનમાં ૧૬ બોગી છે. ૧૩ ટ્રેનો દર કલાકે ચાલી રહી છે. યુરોપમાં પણ વધારે વસ્તી ધરાવતા ક્ષેત્રોમાં વિમાની ભાડાની તુલનામાં બુલેટ ટ્રેન ભાડુ ઓછુ હોવાના કારણે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરવાનુ લોકો પસંદ કરે છે. દક્ષિણકોરિયામાં શિયોલ અને બુસાન વચ્ચે બુલેટ ટ્રેન દોડે છે. આ ટ્રેનમાં ૭૦ ટકા યાત્રી મુસાફરી કરે છે. ફ્રાન્સીસી હાઇ સ્પીડ રેલ પેરિસ અને લિયો લાઇન પર શરૂ કરવામાં આવી છે. આ માર્ગ ૪૫૦ કિલોમીટર વચ્ચે છે. મુખ્ય રીતે પરમાણુ ઉર્જા પર આધારિત હોવાના કારણે બુલેટ ટ્રેન અપેક્ષા કરતા સસ્તી છે. ફુકુસીમા હોનારત પહેલા જાપાનમાં પણ બુલેટ ટ્રેન પરમાણુ ઉર્જા પર આધારિત હતી. અમેરિકામાં પણ લોસ એન્જલસ અને સેન ફ્રાન્સીસકો વચ્ચે બુલેટ ટ્રેન ચાલે છે. જો કે ૫૮ અબજ અમેરિકી ડોલરની જંગી રકમ ખર્ચ કરવા માટે સેનેટે મંજુરી આપી ન હતી. સ્પેન અને આર્જેન્ટિનામાં પણ વધતી જતી બેરોજગારી વચ્ચે આ યોજનાને મંજુરી મળી શકી નથી.

શુ ભારતમાં આ પ્રકારની સમસ્યાને ઉકેલી લેવામાં આવી છે. જ્યાં માનવી અને પશુ રેલવે લાઇનમાં ઘુસી જાય છે. કેટલીક રેલ દુર્ઘટનામાં સેંકડો લોકોના મોત થઇ જાય છે. આવી સ્થિતીમાં બુલેટ ટ્રેન ચલાવવા અને મોટી માત્રામાં ખેડુતો પાસેથી જમીન અધિગ્રહણ કરવાની બાબત યોગ્ય છે કે કેમ. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇને હવે ઘણુ કામ કરવામાં આવી ચુક્યુ છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર આગળ વધતા પહેલા કેટલાક મુદ્દાને ઉકેલી લેવાની જરૂર છે.બુલેટ ટ્રેન પ્રોજેક્ટ એક સપનુ છે અને જરૂરી છે. પંરતુ બીજા તેની સાથે જોડાયેલા મામલાને હાથ ધરવાની જરૂર છે. એક શક્તિશાળી દેશમાં તમામ પ્રકારની બાબતો હોવી જોઇએ તેમ સરકાર માને છે તેની આ ગણતરી બરોબર છે પરંતુ કેટલાક દેશો કેમ આ પ્રોજેક્ટને હાથ ધરી શક્યા નથી તેમાં પણ ધ્યાન આપવાની જરૂર છે.

# જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓનું જોખમ પણ વધી રહ્યું છે

### બાળકોમાં સ્થૂળતાને કારણે ઇન્સ્યુલિન પ્રતિરોધ અને ડાયાબિટીસ, હાઇ બીપી, વધુ કોલેસ્ટ્રોલના સ્તર, પિત્તાશયની પથરી અને લીવર સાથે જોડાયેલી સમસ્યાઓ થઈ શકે છે

ગયા મહિને રાજકીય સમાચારો વચ્ચે એક રિપોર્ટ તરફ અપેક્ષાકૃત ધ્યાન ઓછું જ ગયું. એ હતી, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) તરફથી જારી એક નવો રિપોર્ટ, ‘અદશ્ય આંકડા - બિનચેપી રોગોનો યોગ્ય માપદંડ’. તેમાં રેખાંકિત કરવામાં આવ્યું કે આખી દુનિયામાં દર બે સેકન્ડમાં બિનચેપી રોગોથી સત્તર વર્ષની ઉંમરના એક વ્યક્તિનું મોત થઈ જાય છે અને આવી ૮૬ ટકા મોત નિમ્ન અને મધ્યમ આવક સમૂહવાળા દેશોમાં થાય છે. નોન કમ્યુનિકેબલ ડિસીઝ (એનસીડી) એટલે કે બિનચેપી રોગ જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ છે. સામાન્ય રીતે તે હૃદયરોગ, કેન્સર, જૂની શ્વાસની બીમારીઓ અને ડાયાબિટીસની બીમારી છે. ડબ્લ્યુએચઓનું કહેવું છે કે ૨૦૧૯માં ભારતમાં થયેલ મોતમાંથી ૬૬ ટકા માટે ચિંતાજનક રૂપે એનસીડી જવાબદાર હતી. મોટાભાગના ભારતીય હવે જીવનશૈલીની બીમારીઓથી મરી રહ્યા છે, નહિ કે ચેપી રોગોથી. આપણામાંથી દરેકને કોઈને કોઈ બીમારીને કારણે સમય પહેલાં મરનારા કોઈ વ્યક્તિને જાણીએ છીએ. કેટલાંક મુખ્ય કારણ, જે કોઈના જીવનને જોખમમાં નાખે છે, તે અસ્વાસ્થ્યપ્રદ આહાર, શારીરિક ગતિવિધિની ઉણપ અને તમાકુ તથા શરાબનું સેવન.

રિપોર્ટ અનુસાર ૨૦૧૯માં ભારતમાં ૬૦.૪૬ લાખ લોકોનાં મોત થયાં. વાસ્તવમાં ચિંતાજનક વાત એ છે કે હૃદયરોગ, કેન્સર, ડાયાબિટીસ કે ક્રોનિક સીઓપીડી સહિત તેમાંથી કોઈ એક પ્રકારની બિનચેપી બીમારીને કારણે ૩૦ થી ૭૦ વર્ષની ઉંમરના લોકોમાં મૃત્યુની ૨૨ ટકા સંભાવના હતી. તેમના લોકો વિચારે છે કે જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ, જેમને સ્વાસ્થ્ય વિશેષજ્ઞ બિનચેપી રોગો રૂપે ચિહ્નિત કરે છે, ફક્ત અમીર લોકોને થાય છે, એ સાચું નથી. આ બીમારીઓ ફેલાઈ રહી છે અને તમે જાણી શકો છો કે નિમ્ન આવક સમૂહવાળા ભારતીયો અને ગામડાંમાં રહેતા લોકોમાં પણ જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ થઈ રહી છે. એક મોટી સમસ્યા તો એ છે કે આપણા દેશમાં મોટાભાગના લોકો જોખમ સાથે જોડાયેલા કારકો વિશે કશું જાણતા જ નથી, કે તેમને ખબર જ નથી કે તેઓ હાઈ બી.પી. જેવી કોઈ બીમારીથી ગ્રસ્ત છે. અસલમાં આપણે ત્યાં વાર્ષિક મેડિકલ તપાસની પરંપરા જ નથી, મોટાભાગના લોકો તેનો ખર્ચ વહન નથી કરી શકતા, તેથી તેમને કોઈ પ્રકારની પૂર્વ ચેતવણી નથી મળી શકતી.



એક તરફ પરેશાન કરનારું વલણ એ છે કે વયસ્કો અને બાળકોમાં સ્થૂળતાની સમસ્યા વધી રહી છે, જેને કારણે જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓનું જોખમ પણ વધી રહ્યું છે. આપણે તેના વિશે વધુ વાતો નથી કરતા, કારણ કે આ દેશમાં લાખો લોકો હજુ પણ ભૂખ્યે સૂઈ જાય છે, છતાં વધુ વજનવાળા ભારતીયોની વધતી સંખ્યા વિશે ખબર હોવી અસંભવ નથી. બેશક ઓછી સંખ્યામાં, પરંતુ ઓછી આવકવાળા સમૂહોમાં પણ આ સમસ્યા તો છે જ. તેનાં કારણો બહુ જટિલ છે. સ્કૂલી બાળકોમાં સ્થૂળતાની સમસ્યાના શા હાલ થશે?

અગ્રણી ખાનગી હોસ્પિટલ મેદાંતામાં એન્ડોક્રિનોલોજી અને ડાયાબિટીસના સીનિયર કન્સલ્ટન્ટ જણાવે છે કે બાળકોમાં સ્થૂળતાને કારણે ઈન્સ્યુલિન પ્રતિરોધ અને ડાયાબિટીસ, હાઈ બીપી, વધુ કોલેસ્ટ્રોલના સ્તર, પિત્તાશયની પથરી અને લીવર સાથે જોડાયેલી સમસ્યાઓ થઈ શકે છે. સ્થૂળતાથી ગ્રસ્ત બાળકો જલ્દી થાકી જાય છે અને તેમનામાં વ્યાયામ કરવાની ક્ષમતા ઘટવા લાગે છે. સ્થૂળતા બાળકો પર મનોવૈજ્ઞાનિક અસર પણ કરે છે, જેનાથી એવા બાળકોમાં હીન ભાવના વધવા લાગે છે, તેમનું શરીર બેડોળ થઈ જાય છે, ચિંતા તથા ચીડિયાપણું વધવા લાગે છે, જેનાથી તેઓ અવસાદનો શિકાર પણ થઈ શકે છે.બાળકોમાં સ્થૂળતાના સામાજિક પરિણામ સામાજિક ગતિવિધિઓમાં ઓછી ભાગીદારી અને સાથીઓ સાથે ઓછી વાતચીત રૂપે સામે આવે છે. જો ભારતના ભીડભાડવાળા શહેરોના ગરીબ વિસ્તારોમાં પણ બાળકોની સ્થૂળતા વધવા લાગી છે, તો તેનું કારણ એ છે કે સંકટમાં પડેલા લોકો નોકરીની શોધમાં શહેરો તરફ પલાયન કરે છે. શહેરોમાં તેમને ખરાબ સ્વચ્છતા અને બદતર પરિવેશમાં રહેવાનું હોય છે. તેઓ પોતાની અલ્પ આવકનો ઉપયોગ બિનસ્વાસ્થ્યપ્રદ ખાદ્ય પદાર્થ ખરીદવા કરે છે, જેમાંથી તેમને પૂરતી કેલરી પણ નથી મળતી. આપણે સ્થૂળતા, કુપોષણ અદ્ધે જળવાયુ પરિવર્તન વચ્ચેની કડી પણ જોવી પડશે, આ ત્રણેય એકજ પ્રણાલીઓ અને નીતિઓથી સંચાલિત છે. જળવાયુ પરિવર્તન દરેક ચીજને પ્રભાવિત કરી રહ્યું છે. દુકાળ જેવી હવામાનની ચરમ સ્થિતિઓને કારણે ખેતીમાં બદલાવ આવી શકે છે, જેનાથી ખાદ્ય સુરક્ષા વધી શકે છે અને અંતે અલ્પ-પોષણમાં વધારો થઈ શકે છે. તેની સાથે જ જળવાયુ પરિવર્તન બુનિયાદી ખાદ્ય ચીજો, વિશેષ રૂપે ફળો અને શાકભાજીઓની કિંમતોને પણ પ્રભાવિત કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# સીઆરપીએફનું વાહન ૨૦૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબક્યું,ત્રણના મોત

। જમ્મુ, તા.૭ ।

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક મોટો અકસ્માત થયો છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ના જવાનોનું એક વાહન બસંતગઢમાં ખાઈમાં પડી ગયું, જેના કારણે ત્રણ જવાનોના મોત થયા અને કેટલાક ઘાયલ થયા. બધા ઘાયલોને કમાન્ડ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે.મળતી માહિતી મુજબ, બંકર વાહનમાં કુલ ૨૩ સૈનિકો મુસાફરી કરી રહ્યા હતા. વાહન કંડવા-બસંતગઢ રોડ પર પહોંચતાની સાથે જ તે નિયંત્રણ બહાર થઈ ગયું અને પલટી ગયું. અકસ્માત બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ. સ્થાનિક લોકોને આ અંગે જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને પોલીસને જાણ કરી. પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી. ઘાયલ થયેલા તમામ સૈનિકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.માહિતી આપતાં, ઉધમપુરના એડિશનલ એસપી સંદીપ ભટે જણાવ્યું હતું કે, ×જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢ વિસ્તારમાં કંડવા નજીક સીઆરપીએફ વાહન અકસ્માતમાં ૩ જવાનોના મોત થયા અને ૧૨ ઘાયલ થયા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી.

### ડોનાલ્ડ ટ્રમ્પના ૫૦% ટેરિફ પર પીએમ મોદીનો વળતો જવાબ

# ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના હિત સાથે સમજુતી નહીં

**પીએમ મોદીએ કહ્યુ કે ભારત પોતાના ખેડૂતોના હિત સાથે કોઈ સમજુતી કરશે નહીં । અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી**

। નવી દિલ્હી, તા.૭ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લગાવવામાં આવેલા ટેરિફને લઈને વળતો જવાબ આપ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે ભારત પોતાના ખેડૂતોના હિત સાથે કોઈ સમજુતી કરશે નહીં.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયા સાથે તેલ વેપાર માટે ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ વધારાના ૨૫ ટકા ટેરિફ સાથે, અમેરિકાએ હવે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે, તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર અલગ દંડ લાદશે. ત્યારબાદ તેમણે બુધવારે રશિયા સાથે વેપાર કરવા બદલ અલગ દંડ તરીકે ભારત પર અલગ ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.



પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીમાં આયોજીત એક સંમેલનમાં ભાગ લેતા કહ્યુ કે ખેડૂતોનું હિત ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યુ કે ભારત ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના હિત સાથે ક્યારેય સમજુતી કરશે નહીં. પીએમ મોદીએ સંમેલનમાં કહ્યું- મારે ખેડૂતોના હિતોની રક્ષા માટે જે કિંમત ચુકવવી પડશે તે માટે હું તૈયાર છું. તમને જણાવી દઈએ કે અમેરિકા વેપાર મંત્રણાની શરૂઆતથી જ ભારતના કૃષિ અને ડેરી ક્ષેત્રમાં અધિકારોની માંગ કરી રહ્યું છે. પરંતુ ભારતે પહેલાથી જ અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે તે કૃષિ અને ડેરી ક્ષેત્ર માટે કોઈ સમાધાન કરશે નહીં.

વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું કે, અમે ખેડૂતોની આવક વધારવા, ખેતી ખર્ચ ઘટાડવા તેમજ આવકના નવો સ્રોત ઊભા કરવાના લક્ષ્યાંક પર કામ કરી રહ્યા છીએ. અમારી સરકારે ખેડૂતોની તાકાતને દેશની પ્રગતિનો આધાર માન્યો છે. આથી છેલ્લા કેટલાક વર્ષોમાં જે નીતિઓ ઘડવામાં આવી છે, તે માત્ર મદદ પૂરતી નહીં, પરંતુ ખેડૂતોની આવકમાં વધારો કરવાનો પ્રયાસ પણ હતો.

પીએમ સન્માન નીધિથી મળતી સહાયતા નાના ખેડૂતોને આત્મબળ આપે છે. પીએમ ફસલ બીમા યોજનાએ ખેડૂતોને જોખમો સામે રક્ષણ પૂરું પડ્યું છે. સિંચાઈ સંબંધિત સમસ્યાઓ પીએમ કૃષિ સિંચાઈ યોજનાના માધ્યમથી દૂર થાય. નાના ખેડૂતોની સંગઠિત શક્તિ વધી છે. કો-ઓપરેટિવ અને સેલ્ફ હેલ્પ ગ્રૂપને આર્થિક મદદ પ્રદાન કરવામાં આવી છે.

## પત્નીએ કાનમાં ઝેર આપી પતિની હત્યા કરી નાખી

। હૈદરાબાદ, તા.૭ ।

તેલંગણાના કમિરમનગરમાં એક ચોંકાવનારો હત્યાકાંડ સામે આવ્યો છે. એક મહિલાએ પોતાના પ્રેમી અને તેના મિત્ર સાથે મળી પોતાના પતિની નિર્મમ હત્યા કરી છે. આ હત્યાનું ષડયંત્ર એવી રીતે રચવામાં આવ્યું કે મહિલાએ તેને અંજામ આપવા યુટ્યુબની મદદ લીધી હતી. મૃતકની ઓળખ સંપથના રૂપમાં થઈ છે, જે એક પુસ્તકાલયમાં સફાઈકર્મી હતો. તેને દારૂ પીવાની ટેવ હતી અને નશાની હાલતમાં પત્ની રામાદેવી સાથે લડાઈ કરતો હતો. પરિવારમાં બે બાળકો છે, જેનું ભરણ-પોષણ રામાદેવી પોતાની નાસ્તાની દુકાન ચલાવી કરે છે. નાસ્તાની દુકાન પર રામાદેવાની મુલાકાત ૫૦ વર્ષના કર્રે રાજય્યા સાથે થઈ. ત્યારબાદ બંનેએ અનૈતિક સંબંધ બનાવ્યા હતા.પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે રમાદેવી તેના પતિથી છૂટકારો મેળવવા માટે મક્કમ હતી. આ માટે તેણે યુટ્યુબ પર શોધ કરી અને એક વિડીયો જોયો જેમાં કાનમાં જંતુનાશક દવા નાખીને કોઈની હત્યા કરવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી. રમાદેવીએ આ ભયાનક યોજના તેના પ્રેમી રાજય્યાને જણાવી. આ પછી, બંનેએ હત્યાની યોજના બનાવી.હત્યા થઈ તે રાત્રે રાજય્યા અને તેના મિત્ર શ્રીનિવાસે સંપથને બોમ્બાકલ ફલાઈઓવરની પાસે દારૂ પીવાના બહાને બોલાવ્યો હતો.

### મોંઘવારી ભથ્થાની જાહેરાત દિવાળી આસપાસ થશે

# કેન્દ્ર સરકારના કર્મચારીઓને દિવાળી પહેલા મોટા ખુશખબર મળી શકે તેવી શક્યતાઓ

**જે સમાચારની ૧ કરોડ લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સમાચાર આવી ગયા છે । કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનમાં વધારા અંગે નિર્ણય સામે આવ્યો**

। નવી દિલ્હી, તા.૭ ।

જે સમાચારની ૧ કરોડ લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સમાચાર આવી ગયા છે. કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનમાં વધારા અંગે નિર્ણય સામે આવ્યો છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી (DA) અંગે મોટું અપડેટ આવ્યું છે. સમાચાર છે કે જુલાઈ-ડિસેમ્બર માટે મોંઘવારી ભથ્થાની જાહેરાત દિવાળી આસપાસ થશે. એટલે કે આ વર્ષે દિવાળી ગિફ્ટના સંકેત પહેલેથી જ મળી ગયા છે. અત્રે જણાવવાનું કે ડીએ હાઈક અંગે કેન્દ્રીય કર્મચારીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને દિવાળી પહેલા મોટી ગિફ્ટ મળી શકે છે. જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૫ માટેના મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત દિવાળી પહેલા થઈ શકે છે. સાતમાં પગાર પંચ હેઠળ



કેન્દ્રીય કર્મચારીઓ માટે દર છ મહિને મોંઘવારી ભથ્થું નક્કી થાય છે. જેની ગણતરી નિર્ધારિત ફોર્મ્યૂલા અને મોંઘવારી દર પ્રમાણે નક્કી થાય છે. જો કે આ અંગે કોઈ અધિકૃત જાણકારી સામે આવી નથી. પરંતુ સૂત્રો મુજબ આ વર્ષે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થઈ શકે છે. મોંઘવારી ભથ્થામાં જો આ રીતે વધારો થાય તો કેન્દ્રીય કર્મચારીઓનું ડીએ ૫૫ ટકાથી વધીને ૫૮ ટકા થઈ શકે છે. તે પહેલા જાન્યુઆરી ૨૦૨૫માં સરકારે ડીએમાં ૨ ટકાનો વધારો કરીને ૫૩થી ૫૫ ટકા કર્યું હતું. અત્રે જણાવવાનું કે શ્રમ બ્યૂરો તરફથી બહાર પડેલા આંકડા મુજબ જૂન ૨૦૨૫નો CPI-IW ૧૪૫ રહ્યો છે. જ્યારે જુલાઈ ૨૦૨૪થી જૂન ૨૦૨૫ સુધીના ૧૨ મહિનાનો સરેરાશ ઈન્ડેક્સ ૧૪૩.૬ છે. આવામાં આ વખતે ડીએમાં ૩ ટકા વધારાની જાહેરાત થઈ શકે. મોંઘવારી ભથ્થામાં વધારાનો સીધો ફાયદો પગાર પર પડશે. પગારમાં મોટો ઉછાળો આવશે. ઉદાહરણથી સમજીએ કે જો બેઝિક પગાર ૪૦૦૦૦ રૂપિયા છે અને ૩ ટકા ડીએ વધે તો દર મહિને પગારમાં ૧૨૦૦ રૂપિયા વધશે. ડીએ વધવાથી ટ્રાવેલ અલાઉન્સ, હાઉસ રેન્ટ અલાઉન્સ પણ વધશે. જે સમાચારની ૧ કરોડ લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સમાચાર આવી ગયા છે. કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનમાં વધારા અંગે નિર્ણય સામે આવ્યો છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી (DA) અંગે મોટું અપડેટ આવ્યું છે. સમાચાર છે કે જુલાઈ-ડિસેમ્બર માટે મોંઘવારી ભથ્થાની જાહેરાત દિવાળી આસપાસ થશે.

### ચૂંટણીમાં ગેરરીતિના આરોપો પર ભાજપનો જવાબ

## લાંબા સમયથી વિપક્ષમાં હોવાના કારણે રાહુલ ગાંધી તણાવમાં

। નવી દિલ્હી, તા.૭ ।

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર મત ચોરીના આરોપોનો જવાબ આપતાં ભાજપના સાંસદ સંબિત પાત્રાએ જણાવ્યું છે કે, રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, જો મારી પ્રેસ કોન્ફરન્સનો જવાબ આપવામાં ૨નહીં આવે તો તેના ઘાતક પરિણામો ભોગવવા પડશે. જો વિપક્ષ ભવિષ્યમાં સત્તા પર આવ્યું તો ચૂંટણી પંચના પ્રત્યેક અધિકારી વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરીશું. આ સાંસદની ભાષા નથી.સંબિત પાત્રાએ આગળ કહ્યું કે, રાહુલ ગાંધી ચૂંટણીલક્ષી ભાષણો આપી રહ્યા છે. અમે પ્રજાના નોકર છીએ. તેમણે મત આપી અમને સેવા કરવા મોકલ્યા છે. બંધારણમાં પણ પંચ વિશે સ્પષ્ટપણે લખ્યું છે કે, જો કોઈ પંચ યોગ્ય જવાબદારીપૂર્વક કામ ન કરે તો તેની વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવા માટે કોર્ટ પણ છે. વધુમાં પાત્રાએ કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે, આ પહેલીવાર નથી કે, રાહુલ ગાંધીએ અને કોંગ્રેસે આજ સુધી જે રાજ્યોમાં જીત હાંસલ કરી છે, ત્યાં પ્રેસ કોન્ફરન્સ યોજતા નથી. તે સમયે તેઓ ચૂંટણી પંચ પર આરોપ લગાવતા નથી કે, ચૂંટણીમાં ગેરરીતિ થઈ હોય, પછી તે હિમાચલ હોય કે, તેલંગાણા. લોકસભામાં પણ ૯૯ બેઠકોમાં જીત મળી તો ઉજવણી કરવા લાગ્યા કે, જુઓ લોકતંત્ર આવી ગયું. રાહુલ ગાંધીનું આ બેવડું વલણ તેમનો તણાવ રજૂ કરી રહ્યું છે. તેઓ લાંબા સમયથી વિપક્ષમાં હોવાથી તેઓ હવે તણાવમાં છે. જેને તમે આજની તેમની પ્રેસ કોન્ફરન્સમાં જોઈ શકો છે. તેમણે ચૂંટણી પંચને રીતસર ધમકાવ્યું છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર મત ચોરીના આરોપોનો જવાબ આપતાં ભાજપના સાંસદ સંબિત પાત્રાએ જણાવ્યું છે કે, રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, જો મારી પ્રેસ કોન્ફરન્સનો જવાબ આપવામાં ૨નહીં આવે તો તેના ઘાતક પરિણામો ભોગવવા પડશે. જો વિપક્ષ ભવિષ્યમાં સત્તા પર આવ્યું તો ચૂંટણી પંચના પ્રત્યેક અધિકારી વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરીશું. આ સાંસદની ભાષા નથી.સંબિત પાત્રાએ આગળ કહ્યું કે, રાહુલ ગાંધી ચૂંટણીલક્ષી ભાષણો આપી રહ્યા છે.

### ન્યૂઝ બ્રિફ



## બુમરાહ વિનાની સફળતા યોગાનુયોગ છે, તેની ક્ષમતા નિર્વિવાદ છેઃ સચિન

। મુંબઈ, તા.૭ ।

ઈંગ્લેન્ડના પ્રવાસમાં સોમવારે ઓવલ ખાતેની પાંચમી ક્રિકેટ ટેસ્ટ જીતીને શુભમન ગિલની ટીમે સિરીઝ ૨-૨થી ડ્રો કરાવી હતી અને યોગાનુયોગે આ બંને વિજયમાં ટીમનો આધારભૂત ઝડપી બોલર જસપ્રિત બુમરાહ રમી શક્યો ન હતો. ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે આ મુદ્દે જસપ્રિત બુમરાહની તરફેણ કરી છે. તેણે જણાવ્યું હતું કે મારું માનવું છે કે ઈંગ્લેન્ડમાં ભારતે બુમરાહ વિના બે ટેસ્ટ જીતી તે યોગાનુયોગ છે પરંતુ જસપ્રિત બુમરાહની ગુણવત્તા નિર્વિવાદ અને અસામાન્ય છે.બુમરાહની ક્ષમતા હજી પણ એવી જ છે અને તેના વિના એકાદ બે ટેસ્ટ જીતી શકાય પરંતુ તે હજી પણ ભારતનો સર્વશ્રેષ્ઠ બોલર છે અને તેની ક્ષમતા અંગે સવાલ કરી શકાય નહીં તેમ સચિને સંકેત આપ્યા હતા. જસપ્રિત બુમરાહ પાંચ ટેસ્ટની સિરીઝમાંથી અગાઉ નક્કી થયા મુજબ તેના વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને બે ટેસ્ટ રમ્યો ન હતો. તેણે બાકી રહેલી ત્રણ ટેસ્ટમાં બે વાર પાંચ વિકેટની સિદ્ધિ હાંસલ કરીને ૧૪ વિકેટ ઝડપી હતી. જોકે ઓવલ ખાતે તેની ખાસ જરૂર હતી ત્યારે તે રમ્યો ન હતો જેમાં મોહમ્મદ સિરાઝે પાંચ વિકેટ ઝડપીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો જેના થકી ગિલની ટીમ સિરીઝ ડ્રો કરી શકી હતી.સચિન તેંડુલકરે જણાવ્યું હતું કે ભારતે એજબસ્ટન અને ઓવલ એમ બે ટેસ્ટ જીતી હતી જેમાં બુમરાહ ન હતો તે ફક્ત યોગાનુયોગ છે. પરંતુ તે જે ટેસ્ટ રમ્યો છે તેમાં તેના યોગદાનની ગણતરી કરવી જોઈએ. તેણે લીડ્ઝ ખાતેની પહેલી ટેસ્ટમાં પાંચ વિકેટ ખેરવી હતી.

## આયરલેન્ડમાં ભારતીય મૂળની ૬ વર્ષની બાળકી પર હુમલો કરાયો

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય મૂળની ૬ વર્ષની એક બાળકી પર આયર્લેન્ડના વોટરફોર્ડ શહેરમાં વંશીય હુમલો કરવામાં આવ્યો હતો. સોમવારે (૪ ઓગસ્ટ) સાંજે ઘરની બહાર રમતા સમયે અમુક છોકરાઓએ તેને ઘેરીને 'ગો બેક ટુ ઈન્ડિયા' કહીને ઢોર માર માર્યો. એવો પણ આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેમણે બાળકીના પ્રાઈવેટ પાર્ટ પર સાઈકલ મારી અને તેના ચહેરા પર પણ મુક્કા માર્યા હતા. ઘટનાના સમયે બાળકની માતા અને પોતાના ૧૦ મહિનાના દીકરાને દૂધ પીવડાવવા માટે ઘરની અંદર ગઈ હતી. બાળકીની માતાએ જણાવ્યું કે, મારી નજર બહાર હતી, પરંતુ જ્યારે નાનો દીકરો રડવા લાગ્યો તો હું થોડો સમય અંદર ગઈ. ત્યારબાદ મારી દીકરી રડતા-રડતા ઘરમાં આવી પરંતુ કંઈ બોલી ન શકી. થોડીવાર પછી તેની એક મિત્રએ જણાવ્યું કે, આશરે ૧૨થી ૧૪ વર્ષના પાંચ છોકરાઓએ તેના ચહેરા પર મુક્કા માર્યા અને સાઈકલનું પૈડું પ્રાઈવેટ પાર્ટમાં માર્યુ. અન્ય એક ૮ વર્ષની છોકરી પણ આ ઘટનાનો ભોગ બની હતી. હુમલો કરનાર બાળકો સતત મારી દીકરીને ગંદી ગાળો ભાંડતા હતા. મળતી માહિતી મુજબ, બાળકીની માતા વ્યવસાયે નર્સ છે અને છેલ્લાં આઠ વર્ષથી આયર્લેન્ડમાં રહે છે.

## શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સ અકાલ તખ્ત ખાતે હાજર થયા । ગુરુદ્વારામાં યુગલોને સાફ કરશે

। અમૃતસર, તા.૭ ।

પંજાબના શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સ આજે સવારે શીખોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા શ્રી અકાલ તખ્ત સાહિબ સમક્ષ હાજર થયા અને શ્રીનગરમાં આયોજિત ગુરુ તેગ બહાદુરજીના ૩૫૦મા શહીદ દિવસના વિવાદાસ્પદ કાર્યક્રમ અંગે સ્પષ્ટતા આપી. આ કાર્યક્રમમાં નૃત્ય અને ગીતોના આયોજનથી શીખ સમુદાયની લાગણીઓ ઠેસ પહોંચી હતી, જેના કારણે અકાલ તખ્તના કાર્યકારી જથેદાર જ્ઞાની કુલદીપ સિંહ ગડગજે તેમને સમન્સ પાઠવ્યા હતા. હરજોત સિંહ બેન્સને અકાલ તખ્ત દ્વારા ધાર્મિક સજા આપવામાં આવી છે.

## રક્ષા અને પર્યાવરણ મંત્રીઓ સહિત ૮ લોકોના મોત થયા

। ઘાના, તા.૭ ।

ઘાનામાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે મંત્રીઓના મોત થયા છે. સરકારી પ્રવક્તાએ જણાવ્યું કે, રક્ષા અને પર્યાવરણ મંત્રી સાથે અન્ય ૬ લોકોના મધ્ય અશાંતિ ક્ષેત્રમાં એક લશ્કરી હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયા છે. આ ઉપરાંત ચીફ ઓફ સ્ટાફ જુલિયસ ડેબ્રાહે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, રક્ષા મંત્રી એડવર્ડ ઓમાન બોઆમાહ અને પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ઈબ્રાહિમ મુર્તલા મુહમ્મદનું આ અકસ્માતમાં મોત થયું છે. મૃતકોમાં ઘાનાના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી કોઓર્ડિનેટર અને પૂર્વ કૃષિ મંત્રી અલ્હાજી મુનિરુ મોહમ્મદ તેમજ શાસક રાષ્ટ્રીય ડેમોક્રેટિક કોંગ્રેસ પાર્ટીના ઉપપ્રમુખ સેમ્યુઅલ સરપોંગનો સમાવેશ થાય છે. અગાઉ ઘાના સશસ્ત્ર દળોએ કહ્યું કે, વિમાન જેમાં ત્રણ ક્રૂ અને પાંચ મુસાફરો હતા, તે રડાર પરથી ગાયબ થઈ ગયું હતું.આ હેલિકોપ્ટર સ્થાનિક સમય મુજબ ૦૯:૧૨ વાગ્યે રાજધાની અકાથી ઉડાન ભરી હતી અને એક રાષ્ટ્રીય કાર્યક્રમ માટે ઓબુઆસી શહેર જઈ રહ્યું હતું. જો કે, આ અકસ્માત કેવી રીતે થયો તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. ચીફ ઓફ સ્ટાફે દેશનો ધ્વજ અડધી કાઠીએ ફરકાવવાનો આદેશ આપ્યો છે. તેમણે રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામા અને સરકાર વતી 'દેશની સેવામાં મૃત્યુ પામેલા સૈનિકો' પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. ઘાનામાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે મંત્રીઓના મોત થયા છે. સરકારી પ્રવક્તાએ જણાવ્યું કે, રક્ષા અને પર્યાવરણ મંત્રી સાથે અન્ય ૬ લોકોના મધ્ય અશાંતિ ક્ષેત્રમાં એક લશ્કરી હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયા છે.

## બળાત્કારી ગુરમીતને ૪૦ દિવસના પેરોલ : ચાર વર્ષમાં ૧૪ વખત છૂટયો

। રોહતક, તા.૭ ।


બળાત્કાર અને હત્યાના દોષિત ગુરમીત રામ રહીમને ફરી એક વખત પેરોલ પર છોડવામાં આવ્યો છે. ગુરમીત રામ રહીમ ૧૪મી વખત પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો છે. તેને ૪૦ દિવસના પેરોલ મળ્યા છે. તે જેલમાંથી છૂટતા જ સિરસા ડેરા પર જવા માટે રવાના થઈ ગયો હતો. ૧૫મી ઓગસ્ટે ગુરમીતનો જન્મ દિવસ પણ છે જેની હવે તે ઉજવણી કરશે.બે સાધ્વીઓ પર બળાત્કાર કરવા બદલ ગુરમીત રામ રહીમને વર્ષ ૨૦૧૭માં ૨૦ વર્ષની કેદની સજા થઈ હતી. જ્યારે પત્રકાર રામ ચંદ્ર છત્રપતિની હત્યાના મામલામાં પણ તેને દોષી ઠેરવવામાં આવ્યો હતો. ૨૦૦૨માં મેનેજર રંજીતસિંહની હત્યાના કેસમાં પણ દોષિત ઠેરવાયો હતો. હત્યા અને બળાત્કારના કેસમાં દોષિત ગુરમીતને વારંવાર પેરોલ પર જેલમાંથી છોડવામાં આવી રહ્યો છે જેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. ગુરમીત જેલમાં ગયો તે બાદથી અત્યાર સુધી તેને ૧૪ વખત પેરોલ મળી ચુક્યા છે. હરિયાણામાં મોટી વોટબેન્ક ધરાવતો ગુરમીત વારંવાર પેરોલ મેળવી લેવામાં કેમ સફળ રહે છે તેને લઈને સવાલો ઉઠી રહ્યા છે.

**સુપ્રીમનો કેન્દ્ર સરકારને ગાઈડલાઇન બનાવવા આદેશ** | **દેશમાં ઘણી જગ્યાએ ફૂટપાથ જ નથી, અને જ્યાં છે ત્યાં કાં તો તૂટેલા છે અથવા અતિક્રમણનો શિકાર છે : અરજદાર**

# દિવ્યાંગો માટે પણ ફૂટપાથ જરૂરી છે : સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૭ ।

દેશના તમામ નાગરિકો, ખાસ કરીને દિવ્યાંગો અને વૃદ્ધોને સુરક્ષિત ફૂટપાથ ઉપલબ્ધ કરાવવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટો આદેશ આપ્યો છે. કોર્ટે કેન્દ્ર સરકારને ચાર અઠવાડિયામાં એવી ગાઈડલાઈન બનાવવા કહ્યું છે, જેનાથી દેશભરના તમામ ફૂટપાથને સુલભ અને અતિક્રમણ મુક્ત બનાવવામાં આવે. આ આદેશ ડૉ. એસ. રાજાસેકરન દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન આપવામાં આવ્યો હતો, જેમાં તેમણે ભારતના ફૂટપાથોની દયનીય સ્થિતિ અને દિવ્યાંગોને પડતી સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો હતો.અરજદારે જણાવ્યું કે, દેશમાં ઘણી જગ્યાએ ફૂટપાથ જ નથી,



અને જ્યાં છે ત્યાં કાં તો તૂટેલા છે અથવા અતિક્રમણનો શિકાર છે. આનાથી ન માત્ર દિવ્યાંગો માટે અવરજવર મુશ્કેલ બને છે, પરંતુ સામાન્ય રાહદારીઓનો જીવ પણ જોખમમાં મુકાય છે. અરજીમાં બંધારણની કલમ ૧૪ અને ૨૧નો ઉલ્લેખ કરીને દલીલ કરવામાં આવી હતી કે દરેક નાગરિકને સમાનતા અને જીવનનો અધિકાર છે, જેમાં સુરક્ષિત રીતે ચાલવું પણ સામેલ છે.જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે જણાવ્યું કે આ વિષય પર હજુ સુધી કોઈ ઠોસ રાષ્ટ્રીય ગાઈડલાઈન નથી. તેથી કેન્દ્ર સરકારે ત્રણ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર નિયમો બનાવવા પડશે. પ્રથમ, બધા નવા અને જૂના રસ્તાઓ પર ટેકનિકલ ધોરણો સાથે ફૂટપાથ રાખવા ફરજિયાત બનાવો. બીજું, ડિઝાઈન એવી હોવી જોઈએ કે દિવ્યાંગજનોને ક્યાંય પણ કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. ત્રીજું, અતિક્રમણ દૂર કરવા અને અટકાવવા માટે અસરકારક વ્યવસ્થા સુનિશ્ચિત કરો.સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે, જો કેન્દ્ર સરકાર નિર્ધારિત સમયમર્યાદામાં ગાઈડલાઈન નહીં બનાવે તો કોર્ટ પોતે એમિકસ ક્યુરી (કોર્ટના મિત્ર)ની મદદથી ગાઈડલાઈન તૈયાર કરશે. આ સાથે જ રાજ્યોને આ રાષ્ટ્રીય ગાઈડલાઈન અપનાવવાની અથવા પોતાની ગાઈડલાઈન બનાવવાની છૂટ આપવામાં આવી છે, પરંતુ ધોરણો સમાન હોવા જોઈએ.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ને પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે, તે આ મુદ્દા પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતું સોગંદનામું દાખલ કરે. આગામી સુનાવણી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ થશે.

# ઉત્તરકાશી દુર્ઘટના : ૧૧ સૈનિકો સહિત ૭૦ લોકો હજુ પણ ગુમ





ઉત્તરકાશી : ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલી ગામના પૂર આવ્યું એને ૨૪ કલાકથી વધુ સમય થઈ ગયો છે. હાલ રેસ્કયુ ચાલી રહ્યું છે. બચાવ કામગીરી માટે સાત ટીમ કામે લાગી છે. ૨૨૫થી વધુ સેનાના જવાનો ઘટનાસ્થળે તૈનાત છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૧ જવાનો સહિત ૭૦ લોકો ગુમ છે. અત્યાર સુધીમાં ૧૯૦ લોકોને બચાવી લેવાયા છે.રસ્તા બંધ થઈ જવાને કારણે હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે. હેલિકોપ્ટર દ્વારા જ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા હતા. જોકે, ભટવારીમાં તૂટી ગયેલો રાજમાર્ગ હવે ખુલી ગયો છે, જેના કારણે હવે માર્ગ દ્વારા ધરાલી જવું શક્ય બનશે. ધરાલી અને હર્ષિલમાં ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યનો આજે બીજો દિવસ છે. રાહતની વાત એ છે કે હર્ષિલનો મિલિટરી હેલિપેડ પૂરી રીતે શરૂ કરી દેવામાં આવ્યો છે. ૩ સિવિલ હેલિકોપ્ટર દ્વારા રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે. ભટવાડી અને હર્ષિલમાં હેલિકોપ્ટરના ઉતરાણથી રેસ્ક્યુ ઓપરેશનમાં તેજી આવી છે. ચિનૂક, સૈ-૧૭ અને છન્ઉઁ હેલિકોપ્ટર સ્ટેન્ડબાય પર છે. ઉત્તરાકાશી જિલ્લામાં ધરાલી, હર્ષિલ અને સુખી ટોપ ત્રણ સ્થળોએ વિનાશકારી પૂર આવ્યું છે. હવે આ ત્રણેય સ્થળોએ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ત્યાં સતત ભૂસ્ખલન થઈ રહ્યું છે અને વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રેસ્ક્યુમાં મુશ્કેલી આવી રહી છે.

## વીસ વર્ષ બાદ વિદ્યા બાલનની પહેલી મુવી જોવા મળશે



। મુંબઈ, તા.૭ ।

અભિનેત્રી વિદ્યા બાલન અને સૈફ અલી ખાનની મુવી પરિણીતાવર્ષ ૨૦૦૫ માં રિલીઝ થઈ હતી. હવે નિર્માતાઓએ ફરીથી મૂવીનું નવું ટ્રેલર રિલીઝ કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે.પરિણીતા મુવીમાં મુખ્ય ભૂમિકામાં વિદ્યા બાલન છે જે વર્ષ ૨૦૦૫ રિલીઝ થયું હતું, વિદ્યા બાલનએ બોલિવૂડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને તેની પહેલી ફિલ્મનું નામ 'પરિણીતા' હતું. હવે આ ફિલ્મ ફરીથી સિનેમાઘરોમાં રિલીઝ થશે, જેનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ટ્રેલરમાં ફરી એકવાર સૈફ અલી ખાન અને વિદ્યા બાલનનો રોમેન્ટિક અંદાજ જોવા મળે છે. આ ઉપરાંત ટ્રેલરની ગુણવત્તા દર્શકોને ખૂબ જ પસંદ આવી રહી છે. આ ઉપરાંત 'પિયા બોલે' ગીત ક્લાસિક ફિલ્મનો અહેસાસ આપી રહ્યું છે.વિદ્યા બાલન અભિનીત ફિલ્મ 'પરિણીતા' ૨૯ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં ફરીથી રિલીઝ થશે જે દર્શકોને એક નવો અને રોમાંચક અનુભવ આપશે. 'પરિણીતા'ના ટ્રેલરમાં બતાવવામાં આવ્યું છે કે બે દાયકા પછી પણ ફિલ્મ તેના મ્યુઝિક, શાનદાર અભિનય અને મજબૂત સ્ટોરી સાથે પાછું તૈયાર કરવામાં આવ્યું છે. પરિણીતા મુવીનું નિર્દેશન પ્રદીપ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ટેરિફ મામલે ચીનનું ભારતને સમર્થન

## ચીને ટ્રમ્પને બદમાશ ગણાવ્યા, કહ્યું, થોડી ઢીલ આપશો તો માથે બેસી જશે

**ભારતમાં ચીનના રાજદૂત જૂ ફેઈહોંગે ગુરુવારે ટ્રમ્પનું નામ લીધા વગર તેમના પર નિશાન સાધ્યું હતું । ટ્રમ્પે ભારતથી અમેરિકામાં નિકાસ થતા ઉત્પાદનો પર કુલ ૫૦ ટકા ટેરિફ ઝિંક્યો હતો**



। બેઈજીંગ, તા.૭ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરિફ ઝિંક્યા બાદ ચીને ભારતનું જાહેરમાં સમર્થન કર્યું છે. ચીને ટેરિફ ઝિંકનાર ટ્રમ્પને બદમાશ કહી નાખ્યા છે અને કહ્યું છે કે, થોડી ઢીલ આપશો તો તેઓ માથા પર બેસી જશે.

આ પહેલા ટ્રમ્પે ભારતથી અમેરિકામાં નિકાસ થતા ઉત્પાદનો પર કુલ ૫૦ ટકા ટેરિફ ઝિંક્યો હતો. ટ્રમ્પે વાંધો એ છે કે, ભારત રશિયા પાસેથી વધુ વેપાર કરે છે, તેથી જ તેમણે ભારત-અમેરિકાના ગાઢ સંબંધો ભૂલી વધુ ટેરિફ ઝિંકી રહ્યા છે.

ભારતમાં ચીનના રાજદૂત જૂ ફેઈહોંગે ગુરુવારે (૭ ઓગસ્ટ) ટ્રમ્પનું નામ લીધા વગર તેમના પર નિશાન સાધ્યું છે. ચાઈનીઝ રાજદૂતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટમાં લખ્યું છે કે, 'Give the bully an inch, he will take a mile (ધોંસ જમાવનારાઓને થોડી ઢીલ આપી દો તો તેઓ માથા પર બેસાવા લાગે છે)'

આ સાથે ફેઈહોંગે ચીનના વિદેશ મંત્રી વાંગ યી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખના મુખ્ય સલાહકાર વચ્ચે ફોન થયેલી વાતચીતનો એક મુદ્દો પણ શેર કર્યો છે. ચીને કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પ આવા ટેરિફ લગાવીને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું ઉલ્લંઘન કરી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રી યીએ કથિતરીતે કહ્યું કે, 'ટેરિફનો ઉપયોગ અન્ય દેશોને દબાવવા માટે કરવો તે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું ઉલ્લંઘન છે અને આવા પગલા વિશ્વ વેપાર સંગઠન (WTO)ના નિયમોની અવગણના કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે બ્રાઝિલ પર પણ ૫૦ ટકા ટેરિફ ઝિંકવાની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારત, બ્રાઝિલ અને ચીન BRICS ગ્રૂપના સભ્યો છે. ટ્રમ્પે બ્રિક્સના દેશો પર અનેક આક્ષેપો કરીને મોટો ટેરિફ વસૂલવાની વાત કહી છે.

ટ્રમ્પે ભારત-ચીન પર પણ ગંભીર આક્ષેપ કરતા રહ્યા છે. તેઓ વારંવાર કહેતા રહે છે કે, બંને દેશો રશિયા પાસેથી જે ક્રૂડ ખરીદી રહ્યા છે, તે નાણાંનો ઉપયોગ યુક્રેન વિરુદ્ધના યુદ્ધમાં થઈ રહ્યો છે.

ટ્રમ્પે ટેરિફ બોંબ ઝિંક્યા બાદ ભારતે પણ જડબાતોડ જવાબ આપી કહ્યું છે કે, ભારત પોતાના રાષ્ટ્રીય હિતોની સુરક્ષાની ખાતરી કરવા માટે તમામ પગલા ભરશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરિફ ઝિંક્યા બાદ ચીને ભારતનું જાહેરમાં સમર્થન કર્યું છે. ચીને ટેરિફ ઝિંકનાર ટ્રમ્પને બદમાશ કહી નાખ્યા છે અને કહ્યું છે કે, થોડી ઢીલ આપશો તો તેઓ માથા પર બેસી જશે.

### અજિત ડોભાલે કરી મોટી જાહેરાત

## ભારતની મુલાકાતે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

**પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે**

। નવી દિલ્હી, તા.૭ ।

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગુરુવારે જણાવ્યું હતું કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. મોસ્કોમાં હાજર ડોભાલે તારીખોનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ ઈન્ટરફેક્સ ન્યૂઝ એજન્સી અનુસાર, પુતિનની મુલાકાત ઓગસ્ટના અંતમાં થવાની સંભાવના છે.NSA અજિત ડોભાલે કહ્યું, ભારત અને રશિયા વચ્ચે ખાસ સંબંધ છે, જેને અમે ખૂબ મહત્વ આપીએ છીએ. અમારી વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્કો રહ્યા છે. રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાત વિશે જાણીને અમે ખૂબ જ ઉત્સાહિત અને ખુશ છીએ. મને લાગે છે કે હવે તારીખો પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અજિત ડોભાલની રશિયા મુલાકાત પહેલાં, મોસ્કોએ ભારતના તેના વેપાર ભાગીદારો પસંદ કરવાના અધિકારને સમર્થન આપીને ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા સાથે વેપાર સંબંધો તોડવા માટે દેશોને મજબૂર કરવા ગેરકાયદેસર છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (૬ ઓગસ્ટ, ૨૦૨૫) ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાદતા એક નવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો મોસ્કો શુક્રવાર (૮ ઓગસ્ટ, ૨૦૨૫) સુધીમાં યુક્રેનમાં યુદ્ધ રોકવા માટે સહમત નહીં થાય તો તેઓ રશિયન તેલના ખરીદદારો પર ગૌણ ટેરિફ લાદશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયા સાથે તેલ વેપાર માટે ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ વધારાના ૨૫ ટકા ટેરિફ સાથે અમેરિકાએ હવે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર અલગ દંડ લાદશે.

## પ્રિયંકાનો રોલ છોડીને વર્ષો પહેલા કરીનાએ મોટી ભૂલ કરી



। મુંબઈ, તા.૭ ।

૨૦૦૪ની ફિલ્મ 'ઐતરાઝ' પ્રિયંકા ચોપરાના કરિયરમાં એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. આ ફિલ્મમાં ભજવાયેલ સોનિયાના નકારાત્મક પાત્રે તેની કારકિર્દીને વધુ ઊંચાઈએ પહોંચાડી હતી. 'ઐતરાઝ'માં કરીના કપૂર પણ હતી, જેણે હીરો અક્ષય કુમારની પત્નીની ભૂમિકા ભજવી હતી. કરીનાને પહેલા ફિલ્મમાં પ્રિયંકા ચોપરાનો રોલ આપવામાં આવ્યો હતો, પરંતુ તેણે હિરોઈનનો રોલ પસંદ કર્યો હતો. દિગ્દર્શક સુનીલ દર્શને એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો અને તેને કરીના કપૂરની મોટી ભૂલ ગણાવી.સુનીલ દર્શને જણાવ્યું હતું કે કરીનાને ઐતરાઝમાં સોનિયાનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો. જ્યારે તેણીએ તેને નકારી કાઢ્યો, ત્યારે પ્રિયંકા ચોપરાને આ રોલ મળ્યો અને તે તેની કારકિર્દીમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થયો.સુનીલ દર્શને કહ્યું, 'ઘણી વખત કલાકારો ખોટી ધારણાઓ કરે છે. તે દિવસોમાં, નકારાત્મક ભૂમિકાઓ વેમ્પ જેવી જ માનવામાં આવતી હતી. પ્રિયંકા ચોપરાને અમરીશ પુરીની પત્નીની ભૂમિકામાં કાસ્ટ કરવામાં આવી હોવાથી, તે શશિકલાનો રોલ વધુ લાગતો હતો.સુનીલ દર્શને આગળ કહ્યું, 'પણ બેબો બેબો છે. તે હંમેશા બધું સરળતાથી કરવા માંગતી હતી. કરીનાએ તે ભૂમિકા ગુમાવી કારણ કે તેણીએ તે ભૂમિકા કરી ન હતી. તેણીએ હીરોની સામે નાયિકાની ભૂમિકા પસંદ કરી.

## યુદ્ધ ખતમ કરવા માટે પુતિનની સાથે રૂબરૂમાં વાત જરૂરી છે । યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીનું નિવેદન

। કિવ, તા.૭ ।

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ સાડા ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાની કવાયત વચ્ચે યુક્રેનના પ્રમુખે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, હવે બને તેટલી વધુ ઝડપથી આ યુદ્ધનો અંત લાવવો જરૂરી છે. આ યુદ્ધનો અંત લાવવા માટે અમે તૈયાર છીએ, તેના માટે અમે શક્ય તેટલા પ્રયાસો કરવા તૈયાર છીએ, બસ પુતિને પણ સામે એટલા જ પ્રયાસો સાથે સહભાગી થવુ પડશે.

ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જણાવ્યું કે, અમે રશિયા સાથે યુદ્ધનો અંત લાવવા રતૈયાર છીએ. તેના માટે પુતિન સાથે રૂબરૂ બેઠક કરવા માગીએ છીએ. અમે તેમની સાથે દ્વિપક્ષીય, ત્રિપક્ષીય, તમામ પ્રકારની વાટાઘાટ કરવા તૈયાર છીએ. યુક્રેન બેઠકોથી ડરતુ નથી. બસ, સામે રશિયાએ પણ એટલી જ બહાદૂરી સાથે બેઠકોમાં ભાગ લેવો પડશે.

અમેરિકાના વિશેષ રાજદૂત સ્ટિવ વિટકોફ સાથે પુતિનની મુલાકાત બાદ ઝેલેન્સ્કીએ આ નિવેદન આપ્યું છે.

ઉલ્લેખનીય છે, અમેરિકાએ રશિયાના પ્રમુખ પુતિનને આગામી શુક્રવાર સુધી યુક્રેન સાથે શાંતિ કરાર કરવાની ડેડલાઈન આપી છે. જો પુતિન શાંતિ કરાર નહીં કરે તો રશિયા પર અનેક પ્રતિબંધો લાદવાની ચીમકી પણ આપી છે.

## ભારતે ટ્રમ્પની દુઃખતી રગ દબાવી! રશિયા સાથે ઈલેક્ટ્રિક વાહનો-ક્લિન એનર્જી માટે જરૂરી ખનીજોની ડીલ

। નવી દિલ્હી, તા.૭ ।

અમેરિકાના ભારે વિરોધ વચ્ચે ભારત અને રશિયા વચ્ચે ઔદ્યોગિક સંબંધો સતત મજબૂત બની રહ્યા છે. આ બંને દેશ હવે રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનીજો)ની શોધ અને ઉત્પાદન માટે સહયોગ કરવા જઈ રહ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આ ખનિજ ઈલેક્ટ્રિક ગાડીઓ, બેટરી, પવન ઉર્જા અને અન્ય ટેક્નોલોજી માટે અત્યંત જરૂરી છે. આમ ભારત અને રશિયા વચ્ચે વધી રહેલા વેપાર સંબંધો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની આંખમાં ખૂંચી રહ્યા છે.ટ્રમ્પે ભારત પર રશિયા પાસેથી ક્રૂડ અને અન્ય ચીજો ખરીદી યુક્રેન યુદ્ધમાં તેને નાણાકીય સહાય પૂરી પાડી રહ્યુ હોવાનો આરોપ મૂકતાં ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. તેમજ પેનલ્ટી પણ ફટકારી છે. જો કે, ભારતે સ્પષ્ટપણે કહી દીધું છે કે, તેને અમેરિકાના આ નિર્ણયનો કોઈ ફરક પડતો નથી. તે પોતાના ૧.૪ અબજ નાગરિકોના હિતમાં નિર્ણય લેશે. વડાપ્રધાન મોદીએ આજે નિવેદન આપ્યું હતું કે, અમારા માટે અમારા ખેડૂતોનું હિત સૌથી ઉપર છે. ભારત પોતાના ખેડૂતો, પશુપાલકો અને માછીમાર ભાઈ-બહેનોના હિત સાથે સમાધાન કરશે નહીં. મીડિયા રિપોર્ટ અનુસાર, ભારત અને રશિયાએ હવે ઔપચારિક રૂપે તાંબા, લિથિયમ, કોબાલ્ટ, નિકલ જેવા રેર અર્થ મિનરલ્સની શોધ અને ઉત્પાદન પર કામ કરવાનો નિર્ણય લીધો છે. આ ખનિજોની માગ વિશ્વભરમાં વધી રહી છે. ઈલેક્ટ્રિક વાહન, બેટરી સ્ટોરેજ, વિન્ડ ટર્બાઈન અને હાઈડ્રોજન એનર્જી જેવી ઉભરતી ટેક્નોલોજીમાં આ દુર્લભ ખનિજોનો વપરાશ વધ્યો છે. જેથી ભારત અને રશિયા ભાગીદારી કરી ક્લિન એનર્જીના વધતા વ્યાપમાં આત્મનિર્ભર થવાની સાથે વૈશ્વિક બજારોમાં પોતાની પકડ મજબૂત બનાવશે. ભારત હવે રશિયા સાથે મળી આર્થિક અને ટેક્નોલોજી મોરચે ખુલીને આગળ વધી રહ્યા છે.

### હજારો ભારતીયોને થશે મોટી અસર | અમેરિકા હવે એક નવો પાયલોટ પ્રોગ્રામ લઈને આવ્યું છે

## અમેરિકા જતાં પ્રવાસીઓની મુશ્કેલીમાં વધારો થશે



। વોશિંગ્ટન, તા.૭ ।

ટ્રમ્પ વહીવટીતંત્ર શરૂઆતથી જ ઈમિગ્રન્ટ્સ પ્રત્યે કડક રહ્યું છે અને કડક વિઝા નિયમો લાગુ કરવા માટે જાણીતું છે. આ દરમિયાન અમેરિકા હવે એક નવો પાયલોટ પ્રોગ્રામ લઈને આવ્યું છે જે હેઠળ પ્રવાસી અને વ્યવસાયિક વિઝા પર અમેરિકા આવતા લોકોને વિઝા બોન્ડ તરીકે $૧૫,૦૦૦ એટલે કે ૧૩ લાખ ૧૬ હજાર રૂપિયાથી વધુ જમા કરાવવાનું કહેવામાં આવી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના આ કાર્યક્રમનો હેતુ વિઝા સમાપ્ત થયા પછી પણ દેશમાં રહેતા લોકોની સંખ્યા ઘટાડવાનો છે.

જી હા, તમે બરાબર સાંભળી રહ્યા છો. કેમ કે ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી બીજીવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારથી ભારતીયો તેમના અળખામણા બની ગયા છે. આજ કારણ છે કે તેઓ અમેરિકામાં રહેતાં ભારતીયોને પાછા મોકલી રહ્યા છે અને હવે તેઓ ભારતીયો અમેરિકા ન આવી શકે તેવા તમામ પ્રયાસો કરી રહ્યા છે.

તેના પર નજર કરીએ તો નવો વિઝા પ્રોગ્રામ ૨૦ ઓગસ્ટથી લાગુ થશે. આ પ્રોગ્રામ ૧ વર્ષ માટે લાગુ કરવામાં આવશે. વિઝાની અરજી કરનારા પાસેથી ૩ પ્રકારના બોન્ડ કરાવવામાં આવશે. જેમાં ૫૦૦૦, ૧૦,૦૦૦ અને ૧૫,૦૦૦ ડોલરના બોન્ડ હશે. બોન્ડની રકમ અમેરિકાના પ્રવાસ પછી પાછી આપવામાં આવશે.

આ પ્રોગ્રામમાં ટુરિસ્ટ વિઝા અને બિઝનેસ વિઝા મારફતે અમેરિકા આવતાં પ્રવાસીઓને હવે વિઝા બોન્ડ લેવા પડશે. આ પ્રોગ્રામ એટલા માટે લાગુ કરવામાં આવ્યો છે. કેમ કે લાખો વિદેશી પ્રવાસીઓ અને બિઝનેસ ડેટાનો સમય પૂરો થઈ ગયા પછી પણ રોકાતા હતા. જેમાં ભારતીયોને સૌથી મોટો ફટકો પડવાનો છે.

નવા વિઝા પ્રોગ્રામ હેઠળ અમેરિકા ફરવા અને બિઝનેસ ટૂર પર જતાં ભારતીયો પર આર્થિક બોજો વધી શકે છે. પ્રોગ્રામમાં કયા-કયા દેશોને આવરી લેવામાં આવશે તેની માહિતી ૧૫ દિવસ પહેલાં આપી દેવામાં આવશે. જેમાં ભારતને પણ સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે. કેમ કે વિઝાના નિયમોના ભંગમાં ભારતીયોનો ઈતિહાસ સૌથી ખરાબ છે. એટલે વિઝા બોન્ડની રકમ માટે પહેલાં ૧૩ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવી પડશે.ટ્રમ્પ પ્રશાસને આવો પ્રોગ્રામ લોન્ચ કરવાની ફરજ એટલે પડી. કેમ કે વર્ષ ૨૦૨૨-૨૩માં અમેરિકામાં ૫ લાખથી વધારે લોકો વિઝા પૂરા થઈ ગયા હોવા છતાં રહેતા પકડાયા હતા. જેમાં મોટાભાગે ભારતીયો હોવાનું ખૂલ્યું હતું.

### ટેરિફ ભારત માટે મોટી સમસ્યા નથી

### ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફનો ભારત પર પ્રભાવ મર્યાદિત રહેશે કારણ કે ભારતનું સ્થાનિક બજાર મજબૂત છે

## ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફની ભારત ઉપર નહીં થાય વધુ અસર । અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે કહ્યું



। વોશિંગ્ટન, તા.૭ ।

અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફની દેશ પર ખૂબ ઓછી અસર પડશે, કારણ કે ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે. અનુભવી રોકાણકારે કહ્યું કે ભારત ચીનની જેમ નિકાસ પર સંપૂર્ણપણે નિર્ભર નથી. આ કારણે, દેશ અન્ય અર્થતંત્રો કરતાં ટેરિફનો સામનો કરવા માટે સારી સ્થિતિમાં છે. તેમણે વધુમાં કહ્યું, ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે અને તે ચીનની જેમ નિકાસ પર નિર્ભર નથી. આ ઉપરાંત, ભારતીય સોફ્ટવેર નિકાસ પણ સારી છે અને આ ટેરિફથી બચાવવાં મદદ કરશે.મોબિયસે વધુમાં કહ્યું, આનો સારાંશ એ છે કે ટેરિફ ભારત માટે મોટી સમસ્યા નથી. દવાઓ અને સ્માર્ટફોન, સેમિકન્ડક્ટર અને ઉર્જા જેવા કેટલાક ઈલેક્ટ્રોનિક માલ સાથે સંબંધિત ઈ૩૦ બિલિયનથી વધુ મૂલ્યના શિપમેન્ટને અત્યાર સુધી અમેરિકા દ્વારા ઉચ્ચ ટેરિફ સૂચિમાંથી બહાર રાખવામાં આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે હજુ સુધી આ મુખ્ય ઉદ્યોગોને નવા ટેરિફમાં સામેલ કર્યા નથી, જે આગામી ૨૧ દિવસમાં અમલમાં આવવાના છે.આ ઉપરાંત, ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં અનુક્રમે $૧૦.૫ બિલિયન અને ઈ૧૪.૬ બિલિયનના મૂલ્યની દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ તેમજ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો (મોટાભાગે સ્માર્ટફોન) ની નિકાસ કરી હતી, જે તેની યુએસમાં કુલ નિકાસના ૨૯ ટકા છે. નાણાકીય વર્ષ ૨૫ માં $૪.૦૯ બિલિયનની પેટ્રોલિયમ નિકાસ પણ ટ્રમ્પના નવા ટેરિફથી હાલમાં સુરક્ષિત છે, કારણ કે ઊર્જાને ઉચ્ચ ટેરિફની યાદીમાંથી બાકાત રાખવામાં આવી છે. ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં યુએસમાં ઈ૮૬.૫૧ બિલિયનની નિકાસ કરી હતી.મોબિયસના મતે, ભારત જે પ્રકારનો GDP વૃદ્ધિ જોઈ રહ્યું છે તે તેને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર આગળ વધવામાં મદદ કરશે. મોબિયસે કહ્યું, વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, દેશ ૬-૭ ટકાનો વિકાસ દર હાંસલ કરી રહ્યો છે, જે તેની અર્થવ્યવસ્થાની મજબૂતાઈ દર્શાવે છે. આ ભારતને આગળ વધવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થાથી ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ૨૦૨૫૫માં કુલ ઘરેલુ ઉત્પાદન (યઁ) ની દ્રષ્ટિએ, ભારત ફક્ત અમેરિકા, ચીન અને જર્મનીથી પાછળ રહેશે. અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફની દેશ પર ખૂબ ઓછી અસર પડશે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya